Website : www.rakhewaldaily.com   Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૫
તા.૧૦-૦૬-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪  સૂર્યાસ્ત : ૦૭:૨૩

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૬ | વડોદરા | ૪૦.૩ |
| અમદાવાદ | ૪૧.૯ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૪૧.૫ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૦૦૦  સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20   RNI No 20508/71   Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# મુંબઈમાં ધોધમાર વરસાદ : ચારેકોર પાણી પાણી...

## વિચાર વૈભવ...

આજે સમાજો ભયભીત છે, સચિવો- મંત્રીઓ ખોટી હામાં હા કરી ચમચાગીરી કરે છે. કોઈ અધિકારી સાચી સલાહ આપી નથી શકતો, જે બોલી સાચી સલાહ આપી શકે એવા વડીલોના મોઢે પૈસાનો ડટ્ટો મારી એમનાં મોઢાં બંધ કરી દીધાં છે. નિષ્ઠા-ન્યાય હદપાર થઈ ગયાં છે. સત્ય અને હિંમત વિનાના સલાહકારો રાંકડા નિસ્તેજ થઈ ગયા છે.

ગ્રીસના સમ્રાટના દરબારના 'રાજગુરુ'નું નિધન થયું. સમ્રાટને કોઈકે ગ્રીક ફિલસૂફ ડેમોસ્થેનીશનું નામ આપ્યું.

સમ્રાટે તેની મુલાકાત લીધી અને પોતાની શરતો કહી. મને બહુ સલાહ નહીં આપવાની, હું પૂછું તોપણ મને ગમે તેવી જ સલાહ આપવી, વિદ્યાસહાયક તરીકે પગાર મળશે, કલાકો નિશ્ચિત નહીં, શોષણની ફરિયાદ કરવી નહીં... વગેરે.

ડેમોસ્થેનીશે સ્પષ્ટ ના પાડી દીધી. પણ એવો જ એકાદ 'નિર્મલ બાબા' મળી ગયો અને સમ્રાટની બધી શરતો સ્વીકારી 'રાજગુરૂ' તરીકે બેસી ગયો.

એ ડેમોસ્થેનીશને એકવાર મળવા ગયો અને ત્યારે ડેમોસ્થેનીશ વાસણ ઘસતા હતા. ચહેરા પર માટીના છાંટા હતા. કપડાં બગડ્યાં હતાં. તે જોઈ પેલો કહે, તમે 'રાજગુરૂ' નું પદ સ્વીકારી લીધું હોત તો આવા હાલ ન હોત!

મારૂં મોઢું તો હાલ ધોવાઈ જશે પણ તમારા જીવન પર લાગેલા ડાઘ જન્મો સુધી ભૂંસાવાના નથી.

પેલો રાજગુરૂ કાળું પડી ગયેલું મોઢું લઈ ત્યાંથી સરકી ગયો.

સુરેશ પ્રા.ભટ્ટ

## હિન્દમાતા, માટુંગા, કુરલા, દાદરમાં જળબંબાકારની સ્થિતિ : લોકલ ટ્રેન સેવા અને વિમાની સેવાને પ્રતિકુળ અસર



મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં શુક્રવારના દિવસે થોડીક રાહત રહ્યા બાદ આજે શનિવારના દિવસે ફરી એકવાર ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. મુંબઈના મોટાભાગના વિસ્તારો ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો. જેના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. રત્નાગીરી, હિંગોલી જેવા વિસ્તારમાં પણ ભારે વરસાદ થયો છે. મુંબઈમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. મુંબઈ અને કોકણ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ટ્રાફિક પર પણ પ્રતિકુળ અસર થઇ છે. લોકલ ટ્રેન સેવા પર પણ માઠી અસર થઇ છે. કેટલીક જગ્યાએ લોકલ ટ્રેન સેવા ૧૦-૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. જેથી લોકો કેટલીક જગ્યાએ અટવાઇ પડ્યા હતા. ભારે વરસાદને લઇને એલર્ટ વચ્ચે દક્ષિણ પશ્ચિમ મોનસુન મુંબઇમાં પહોંચી ગયુ છે. મુંબઇ અને થાણે જેવા અનુસંધાન પાના નં.૬

## બીજી વખત મહિલા પ્રમુખ બનવાનો શ્રેય શિલ્પાબેન માળીના ફાળે...

# ડીસા નગરપાલિકાના પ્રમુખપદે શિલ્પાબેન માળી ; ઉપપ્રમુખ પદે કાંતિલાલ સોનીની બિનહરીફ વરણી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં ગતરોજ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. અઢી વર્ષની પ્રથમ ટર્મ પુરી થઇ રહી હોઈ અઢી વર્ષની બીજી ટર્મના મહિલા પ્રમુખ તરીકે શિલ્પાબેન માળી જયારે ઉપપ્રમુખ તરીકે કાંતિભાઈ સોનીની બિનહરીફ વરણી કરાઈ હતી.

બનાસકાંઠાની રાજકીય લેબોરેટરી ગણાતી ડીસા નગરપાલીકાની બીજી ટર્મમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે છેલ્લા ઘણા સમયથી સસ્પેન્સ ચાલી રહ્યું હતું.. ત્યારે નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી સાથે જ આ સસ્પેન્સનો પણ અંત આવી ગયો છે.

ભાજપની બહુમતી ધરાવતી ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ગતરોજ અગ્યાર વાગ્યે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. છેલ્લા એક માસથી ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ભાજપના સભ્યો એડીચોટીનું જોર લગાવી રહ્યા હતા.જોકે ભાજપ મોવડી મંડળે પ્રમુખ અનુસંધાન પાના નં.૬



(ભરત સુંદેશા)

### ડીસા પાલિકાની કારોબારી સમિતિ નિલેશભાઈ ઠક્કરના હાથમા



બનાસકાંઠાની ડીસા નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવા સાથે જ પાલિકાની કારોબારી સમિતિનું સુકાન પણ ભાજપ મોવડી મંડળના આદેશાનુસાર નિલેશભાઈ ઠક્કરને સોંપાયું છે.આ નિર્ણયને પણ આવકાર સાંપડ્યો છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી કારોબારી સમિતિના ચેરમેન તરીકેની જવાબદારી વર્તમાન ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા સંભાળતા હતા જ્યારે પાલિકામાં શાસક પક્ષના નેતા તરીકેની જવાબદારીનું નિર્વહન નિલેશભાઈ ઠક્કર કરતા હતા.

## સૌરાષ્ટ્રના ગીર પંથક તેમજ ઉનામાં વરસાદી ઝાપટાં : તાપમાનમાં ઘટાડો

અમદાવાદ

મુંબઈમાં ભારે વરસાદના દોર વચ્ચે ગુજરાતના કેટલાક ભાગોમાં પણ આજે વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટાના કારણે ગરમીના પ્રમાણમાં ઘટાડો થયો હતો. આજે ગીર પથંકના વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યા બાદ ગીરસોમનાથના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. ચોમાસાની એન્ટ્રી થઈ હોવાની સંકેતો મળવા લાગી ગયા છે. હવામાન વિભાગ તરફથી મળતી માહિતી મુજબ ગુ-જરાતમાં પણ ૧૩મી જૂન સુધી ચોમાસુ બેસી જાય તેવી સંકેત મળી રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫મી જૂનની આસપાસ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે કેરળની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ વહેલીતકે મોનસૂનની એન્ટ્રી થઈ રહી છે. આજે ગીર બોર્ડરના ગામડાઓ ખીલાવડ, ફાટસર, ઈટવાયા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો હતો. ઉના શહેરમાં પણ અમીછાંટણા થયા હોવાના અહેવાલ મળ્યા છે. બફારાથી લોકોને મોડી સાંજે રાહત મળી હતી. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા છે. અનુસંધાન પાના નં.૬

## કોંગ્રેસ આજે પણ રસ્તા રોકો અને જેલભરો આંદોલન કરશે

**ખેડૂતની આત્મહત્યા માટે કૃષિની નિષ્ફળતા કારણભૂત નથી : સરકાર**

વડોદરા

ખેડૂતોના જુદા જુદા પ્રશ્નોના મામલે કોંગ્રેસ દ્વારા હાલમાં રાજયમાં કરવામાં આવી રહેલા આંદોલનનો ઉગ્ર વિરોધ કરતા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે કહ્યું હતું કે ખેડૂતો દ્વારા કરવામાં આવતી આત્મહત્યા માટે ખેતીની નિષ્ફળતાનું એકમાત્ર કારણ હોતું નથી. તેની પાછળ સામાજિક કારણ સહિત બીજા કેટલાક કારણો રહે છે. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં સતત વધારો થાય તે દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. નીતિન પટેલનું કહેવું છે કે સરકાર ખેડૂતોના હિતમાં વિવિધ પગલાં પહેલા પણ લઈ ચુકી છે. કોંગ્રેસના કાર્યકરો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દેશભરમાં ખેડૂતો દ્વારા ગામડા બંધ આંદોલન હાલમાં ચાલી રહ્યું છે.

જેને લઈને કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં આંદોલન શરૂ કર્યું છે. ખેડૂતો દેવા માફી અને પેદાશો માટે યોગ્ય ભાવ ન મળતા હોવાની માંગણીને લઈને આંદોલન પર છે. અનેક જગ્યાઓએ ખેડૂતોએ શાકભાજી અને દુધ રસ્તા પર ફેંકીને પોતાનો વિરોધ કર્યો છે. ખેડૂતો એકબાજુ રસ્તા પર છે ત્યારે દાહોદ સહિતના વિસ્તારોમાં કોંગ્રેસ ચક્કાજામ યોજીને સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચારકર્યા હતા. દક્ષિણ ગુજરાતમાં પણ ખેડૂતોનું આંદોલન જારી રહ્યું છે. કેન્દ્ર સરકારની નીતિ, મોંઘવારી અને અન્ય જુદી જુદી માંગણીઓને લઈને ખેડૂતોની સાથે સાથે કોંગ્રેસ પાર્ટી પણ આંદોલન કરી રહી છે. પ્રથમ દિવસે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

## ડીસામાં દારૂની હેરાફેરી કરતી કારને અકસ્માત



ભરત સુંદેશા

**કાર મુકી ચાલક પલાયન**

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા હાઈવે ઉપરની દિપક હોટલ પાસે પુરઝડપે દોડતી મારૂતિ કાર (નં.જી.જે.૮. આર.૭૫૩૭) અચાનક ડીવાઈડર સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. તેથી કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતા લોકોના ટોળેટોળા સાથે સ્થાનિક પોલીસ દોડી આવી હતી. અને કારમાં તપાસ કરતા વિદેશી દારૂ જણાયો હતો. જેથી ડી.વાય. એસ.પી. અને એલ.સી.બી. પોલીસ દોડી આવી હતી અને અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત ૧૧ માં દિવસે થયેલ ઘટાડો

નવી દિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે સતત ૧૧માં દિવસે પણ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીઓએ દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૭૦ પૈસાનો ઘટાડો કર્યો હતો. જ્યારે ડિઝલની કિંમતમાં દિલ્હીમાં ૩૦ પૈસા અને મુંબઈમાં ૩૨ પૈસાનો ઘટાડો કર્યો હતો. દિલ્હીમાં આજે પેટ્રોલની કિંમત શુક્રવારના દિવસે ૭૭.૪૨ સામે ૭૭.૦૨ પ્રતિ લીટર રહી હતી. મુંબઈમાં શુક્રવારના દિવસે ૮૫.૨૪ રૂપિયાની સામે ૮૪.૮૪ રૂપિયા પ્રતિ લીટર રહી હતી. જ્યારે ડિઝલની કિંમત દિલ્હીમાં ઘટીને ૬૮.૨૮ અને મુંબઈમાં ઘટીને ૭૨.૭ રૂપિયા થઈ હતી. સતત ૧૧માં દિવસે આજે ઘટાડો જોવામાં આવ્યો હતો. શુક્રવારના દિવસે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ક્રમશઃ ૨૧ અને ૧૫ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. રેટ સર્વોચ્ચ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ હજુ પણ ઉંચી કિંમતો રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતને લઈને દેશભરમાં હોબાળો મચેલો છે ત્યારે સરકાર દ્વારા ઘટાડાના સંકેત આપવામાં આવ્યા છે.

## પાલનપુરમાં સતત બીજા દિવસે ધરોઇની પાઇપ લાઇનમાં ભંગાણ

**લડબી સફાઈ અભિયાનમાં બેદરકારીને પગલે લાખો લીટર પાણીનો વેડફાટ**

પાલનપુર

પાલનપુરની લડબી નદીમાં થયેલા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. માત્ર નદીની સફાઇ કરીને તંત્ર સંતોષ માની રહ્યુ છે. જેમાં પણ સફાઇ દરમિયાન બેદરકારી દાખવાતા છેલ્લા બે દિવસથી ધરોઈની પાઈપ લાઈન તૂટી રહી છે. જેને પગલે લાખો લીટર પાણી નો બગાડ થઈ રહ્યો છે.

પાલનપુરમાં લડબીનદીનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જમીન દફતર કચેરી દ્વારા નદીનો નકશો બદલી દેવાયા બાદ પાલિકાતંત્રના અધિકારીઓની સાંઠગાંઠથી બિલ્ડરો અને ભૂમાફિયાઓના ઈશારે નદીના પટમાં મોટાપાયે દબાણો ઉભા કરી દેવાયા છે. આ દબાણો દૂર કરવા માટે મિડીયા તેમજ શહેરના જાગૃત નાગરિકો દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લા કલેક્ટર સંદિપ સાગલેએ જાતે સરવે કરી દબાણો દૂર કરવા માટે આદેશ કર્યા હતા. શહેરીજનો પણ ઈચ્છી રહ્યા છે કે, ચોમાસા અગાઉ આ દબાણો દૂર કરવામાં આવે પણ તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી અનેક તર્ક – વિતર્કો ઉભા થવા પામ્યા છે. તંત્ર માત્ર નદીની સફાઇ કરીને સંતોષ માની રહ્યું હોય તેવું અનુસંધાન પાના નં.૬



(સંજય જોષી)

## ગતકડું....

- દેવન વ્યાસ



વિદ્યાર્થીઓને ઘર લેશનમાંથી મુક્તિ મળી, પરંતુ આપણને પરણીતોને ઘરકામમાંથી મુક્તિ ક્યારેય નહિં મળે...!


## આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.તેજાજી રતાજી ચારડીયા
નાયબ મામલતદાર - વાવ
સ્વ.તા.૧૦/૬/૨૦૧૦
મુ.પો.વાવ (જી.બ.કાં.)

મજબુત રાખુ કેમ, મન હૈયુ રહે નહિ હાથમાં, મારે એ હતા સઘળું હતું, મારૂ સુખ એમની સાથમાં, હવે મજબુર થઈ જીવવું, મને નેણે નિંદર ન આવતી, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ...

લિ.
વણાજી દાંનાજી રાજપુત - વાવ
વર્ધસિંહ દાંનાજી રાજપુત - વાવ




## અમારા કહ્યામાં નથી





મારો પુત્ર દિપકકુમાર પ્રતાપજી ઠાકોર અને મારી પુત્રી મીનાબેન પ્રતાપજી ઠાકોર, છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં નથી. તો આજ રોજથી તેમની સાથે અમારે કોઈપણ જાતનો વ્યવહાર રહેતો નથી તથા અમારી કોઈપણ મિલકતમાં તેમનો કોઈ હક - હિસ્સો નથી. આજથી આમની સાથે કોઈએ અમારા નામે કોઈપણ વ્યવહાર કરવો નહીં અને કરશો તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.

લિ.
પિતા : પ્રતાપજી કલાજી ઠાકોર
ભોજન શાળા પાછળ, સિંધી કોલોની - ડીસા, મો.૮૧૨૮૪૪૬૩૪૬
માતા : લાડુબેન પ્રતાપજી ઠાકોર

## સદ્દગતનું બેસણું



સ્વ.મણીબેન સગરામભાઈ પ્રજાપતિ (ઉંઝીયા)
સ્વ.તા.૮-૬-૨૦૧૮,શુક્રવાર

અમારા માતૃશ્રી મણીબેન સગરામભાઈ પ્રજાપતિ સંવત ૨૦૭૪ ના અધિક જેઠ વદ - ૯ ને શુક્રવાર તા.૮/૬/૨૦૧૮ ના રોજ દેવલોક પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્માને જે ગમ્યું તે ખરૂં, પ્રભુ તેમના પરમ આત્માને શાન્તિ અર્પે.
સદ્દગતનું બેસણું (બપોરો) સંવત ૨૦૭૪ ના અધિક જેઠ વદ ૧૨ ને સોમવાર તા.૧૧/૬/૨૦૧૮ ના રોજ સમાજના રીતરિવાજ મુજબ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.

| | |
|---|---|
| પ્રજાપતિ વેલાભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ ભરતકુમાર રાજુભાઈ (પૌત્ર) |
| પ્રજાપતિ રાજુભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ સુધીરકુમાર વેલાભાઈ (પૌત્ર) |
| પ્રજાપતિ આશદાભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ સિધ્ધરાજ આશદાભાઈ (પૌત્ર) |

-: સ્થળ :-
પ્રજાપતિ વેલાભાઈ સગરામભાઈ
પ્રજાપતિ વાસ, મુ.પો.કુંવારવા, તા.કાંકરેજ

સંબંધિત ફર્મ :

| | |
|---|---|
| ઉદય એન્ટર પ્રાઈઝ | સરદાર કૃષિ ગંજ બજાર - થરા |
| આનંદ ટ્રેડીંગ કંપની | માર્કેટયાર્ડના ગેટ પાસે - થરા |
| આનંદ વિમા સેવા કેન્દ્ર | માર્કેટયાર્ડના ગેટ પાસે, મેડા ઉપર - થરા |

**સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૨૪**

## તિથિદર્શન
જેઠ વદ-૧૧ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :અગીયારસ રવિવાર નક્ષત્ર:અશ્વીની રાત્રે ૧૦.૨૯ પછી ભરણી યોગ :શોભન કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

**એતે સ્નિગ્ધતમા ઈતિ મા મા ક્ષુદ્રેષુયાત વિશ્વાસમ્ ।**
**સિદ્ધાથમિષાં સ્નેહોએપ્યશ્રણિ યાતયાતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય દુર્જન નિંદામાંથી છે. દુર્જનનો સ્વભાવ આ શ્લોકમાં દર્શાવ્યો છે. આ તો આપણા પોતાના અત્યંત નજીકના સ્નેહીજન છે એમ માની સમજીને હલકા અને દુષ્ટ લોકો પર વિશ્વાસ કરવો નહીં. જેવી રીતે સરસવના તેલમાં તળેલો રાંધેલો કોઈપણ પદાર્થ ખાધા પછી આંસુ જ પડાવે છે. તેવી રીતે જ દુર્જન માણસોનો સ્વાર્થ સધાઈ જાય કામ પતી જાય મતલબ સરી જાય પછી એમનો સ્નેહ પ્રેમ પણ આપણને આંસુ જ પડાવે છે. આજના યુગમાં તદ્દ્ન નજીકનાં સગાં સંબંધી વારસા કે ધન માટે પોતાનાં જ વડીલોને કાપી નાખે છે. નોકર ચાકર પણ વિશ્વાસ કેળવી એકલો દોકલ વૃદ્ધજનોને મારી નાખી બધી જ સમૃદ્ધી લુંટી જાય છે. આપણાં પોતાનાં જ છે એવું ઠસાવી જમીનોના દસ્તાવેજ ફેરવી નાખે, ભાડુઆતો મકાનમાલિક થઈ બેસી જાય, આવી તો અનેક પરિસ્થિતિ દ્વારા ભોળા અને વિશ્વાસ મુકનારા છેતરાઈને લુંટાઈ જાય છે. દુર્જનનો સ્વભાવ છે જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી મીઠાશથી સંબંધો સાચવી રાખે છે. પછી આઘાત આપી છોડી દે છે. લાગણીશીલ ભોળા વિશ્વાસુ લોકોને રડવાનો સમય આવે છે.

## આપની આજ
**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.)મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્‌ભવે.**
**વૃષભ : (બ.વ.ઉ.)જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠિન બને.**
**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યોમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**સિંહ : (મ.ટ.)લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.)કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.**
**તુલા : (ર.ત.)માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.**
**વૃશ્ચિક : (ન.ય.)સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસથી લાભ.**
**ધન : (ભ.ફ.ધ.) આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**મકર : (ખ.જ.)અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.**
**કુંભ : (ગ.શ.સ.)નાણાંકીય ભીડ અનુભવાય. ભાઇ-બહેન સાથે વાક્ય યુદ્ધ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

ગુજરાતી સાહિત્ય પ્રણયના કવિ તરીકે જાણીતા કલાપી (સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ)ની પુણ્યતિથિ છે.

લાઠી રાજયના રાજવી 'કલાપી' નો જન્મ તા.૨૬/૧/૧૮૭૪ના રોજ થયો હતો.

કવિ કલાપીએ 'કલાપીનો કેકારવ', 'કાશ્મીરનો પ્રવાસ', 'કલાપીના સંવાદો', 'કલાપીની પત્રધારા', 'માલા અને મુદ્રિકા' (નવલકથા) વગેરે સાહિત્યકૃતિઓ આપી છે.

૨૬ વર્ષની નાની ઉંમરે જ તેઓ તા. ૧૦/૬/૧૯૦૦ના રોજ અવસાન પામ્યા.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ભાખર જિ.પં. મત વિસ્તારના શક્તિ કેન્દ્રોની બેઠક મળી


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના ભાખર જિલ્લા પંચાયત સીટની શક્તિ કેન્દ્રોની વાઘરોળ ચામુંડા માતાના કોમ્યુનીટી હોલમાં પૂર્વ ધારાસભ્ય વસંતભાઈ ભટોળની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં ચાર વર્ષની વિકાસ ગાથા ગામડાઓના ઘર-ઘર સુધી લઈ જવા કાર્યકરોને વિસ્તૃત સમજણ આ પવામાં આવી. જેવી કે ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મુદ્રા યોજના, જેવી અસંખ્ય યોજનાનું બુકલેટ સાથે કાર્યકરોને સમજણ આપવામાં આવી. જેમાં જયેન્દ્રભાઈ જોષી, નટુભાઈ ચૌધરી, મેરૂજી ધુંખ, જીતુભાઈ બોકા, જયંતિભાઈ બોચાતર, ચંપુસિંહ, અરજણભાઈ રબારી, ડાયાભાઈ ચૌધરી, હેમતાભાઈ સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામમાં આવકાર - વિદાયનો ભાવદર્શન કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ તા.૮ મી જૂન ૨૦૧૮ શુક્રવારે વડગામ તાલુકા સભ્ય અનાજ દુકાન યુનિયન દ્વારા આવકાર - વિદાય ના શુભેચ્છા સમારોહનું આયોજન કર્યું હતું. જેમાં મામલતદાર આર.એમ. ચાવડાની બદલી હિંમતનગર (સાબરકાંઠા) થતાં તેમને વિદાય સમારંભ અને નવા મામલતદાર આર.એલ. ઠાકોરને આવકારવાનો કાર્યક્રમ પ્રાંત અધિકારી જોષી (પાલનપુર) ની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં જિ.પં.ડેલિગેટ ફલજીભાઈ વી.પટેલ, જિ.પં.ડેલિગેટ અશ્વિનભાઈ સક્સેના અને કેટલીક શાળાઓના માસ્તરો, તા.પં.સભ્ય અનાજ દુકાનદારો, મહેસુલ સ્ટાફગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ તા.ફેરપ્રાઈઝ યુનિયન પ્રમુખ રાજેન્દ્રસીંહ એમ.રાજપુત (મેમદપુર), ગુણવંતભાઈ એમ. અગ્રવાલ, (છાપી), યાસીનભાઈ મનસુરી (મેતા), રમેશભાઈ ડી.જાદવ (નળાસર), તા.સરપંચ યુનિયન પ્રમુખ ભગવાનસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ હરીભાઈ પરમાર (ચિત્રોડા) સહિત વડીલોના હસ્તે મામલતદાર આર.એમ. ચાવડાને ફુલહાર - સાલ શ્રીફળ - સાકર પ્રતીક

**અનુસંધાન પાના નં.૬**

## તેં અગાઉ પણ પ્રકાર તરીકે પ્રેમકથામાં કામ કર્યું છે, પરંતુ સુપરનેચરલ કાંઈક અલગ છે. આ ભૂમિકા લેવાનું નિમિત્ત શું હતું?



હા, મને લાગે છે કે વાસ્તવમાં મને વિષય ગમ્યો અને ભૂતકાળમાં મેં કર્યું તેનાથી તે સાવ અલગ છે. અંગત રીતે બાળપણથી જ હું સુપરનેચરલ વિષયોની ચાહક રહી છું, જે વાસ્તવિકતા મારા રોમાંચમાં ઉમેરો કરે છે. દર્શક તરીકે પણ મને આ વિષયો ગમ્યા છે. નાની હતી ત્યારે આ વિષયોને લઈ બેડરૂમમાં એકલી સૂવા માટે ગભરાતી હતી છતાં મને વિષય વહાલો લાગતો રહ્યો છે.

બે પ્રકાર પ્રેમ અને સુપરનેચરલ... નું સંયોજન કઈ રીતે ઉત્તમ કામ કરી શકે એવું તને લાગે છે?

મને લાગે છે કે પ્રકાર તરીકે પ્રેમ સાથે તમે ક્યારેય ખોટા નહીં પડી શકો અને જો ઓન-સ્ક્રીન જોડી કામ કરી જાય તો શો માટે તે વધારાનો બોનસ બની જાય છે. સુપરનેચરલ શક્તિઓ આસપાસની વારતાઓ હંમેશાં રોચક હોય છે અને સસ્પેન્સનું તત્ત્વ પરિપૂર્ણ અનુભવમાં ઉમેરો કરે છે. ઉપરાંત સુપરનેચરલ વિષય તરીકે સંપૂર્ણ ઉપચાર- પ્રેરિત છે, જેમાં ડાયરેક્ટર, ટેકનિશિયનો, પાર્શ્વભૂ સંગીત, એડિટિંગ વગેરે મુખ્ય ભૂમિકા ભજવે છે. યોગ્ય કાસ્ટિંગ, ઉત્તમ પરફોર્મન્સ, રોમાંચક પાર્શ્વભૂ સંગીત અને ટેકનિકલ ધ્વનિ નિર્મિતી દર્શકો સાથે જોડાણ કરવા માટે મહત્ત્વપૂર્ણ હોય છે.

શો પર અન્ય કલાકારો સાથે અગાઉ ક્યારેય કામ કર્યું છે? તેમની જોડે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?

પ્રિયાંક અને હું ભૂતકાળમાં બે અલગ અલગ અવસરે એકબીજા સાથે કામ કરવાની તકો ચૂકી ગયાં હતાં. અમને ૨૦૧૫માં એક અત્યંત મોટા ધાર્મિક શો માટે કૃષ્ણ અને રાધાની ભૂમિકા ભજવવા માટે પસંદ કરાયાં હતાં. અમે સેંકડો કોશ્ચ?યુમ ટ્રાયલ્સ, રીડિંગ્સ અને વર્કશોપ્સમાં મળ્યાં હતાં અને નાયગાવમાં ફુલ- ફ્લેજડ સેટ્સ પર મોક શૂટ્સમાં પણ ભેગાં થયાં હતાં. બદનસીબે પ્રોજેક્ટ સાકાર નહીં થયો અને તે બનાવાયો જ નહીં. પ્રિયાંક અને હું તે પછી પણ સંપર્કમાં રહ્યાં હતાં અને હંમેશાં એકત્ર કામ કરવાની વાતો કરતાં હતાં. એક ટૂંકી ફિલ્મ પણ આવી હતી, જેમાં પ્રિયાંક સાથે ભેગા થવાનાં હતાં, પરંતુ પ્રિયાંક તે સમયે પણ રિયાલિટી શોનો હિસ્સો હોવાથી અમે ભેગાં નહીં થઈ શક્યાં. આથી આખરે લાલ ઈશ્ક થકી અમે હવે ભેગાં થયાં છીએ. નસીબે અમને ભેગાં કર્યાં છે અને એકત્ર કામ કરવાનું અમારા નસીબમાં જ હતું. અમે એકત્ર કામ કરવાની બહુ મજા આવી. નીતિ ટેલર સાથે પહેલી વાર કામ કર્યું પરંતુ તે પણ મજા આવી. તેણે મને અમૃતા અને શાહિદની ચાહક હોવાનું કહ્યું હતું અને તેની સાથે કામ કરવાની બહુ મજા આવી. શૂટ પછી અમે બહુ વાતો કરતાં, જેથી ખરેખર બહુ મજા આવી.

# એચટીસી ડિઝાયર ૧૨ અને એચટીસી ડિઝાયર ૧૨ પ્લસની રજૂઆત



નવી દિલ્હી

આપની પસંદગીનું યુટ્યુબર પહોળી સ્ક્રીનમાં વધુ ઉત્તમ દેખાય છે. તમારો ફોન એક ફેશન સ્ટેટમેન્ટ છે અને તમારા ફોટોને ઈન્સ્ટાગ્રામ માટે શાનદાર દેખાવાનું છે. આ ડિજિટલ પેઢી એક સ્માર્ટફોન પાસે અનેક અપેક્ષા રાખે છે અને આજે એચટીસીએ બે નવા ફોન રજૂ કર્યા છે જેઓ આ તમામ ચીજોને પરિપૂર્ણ કરે છે. આ છે એચટીસી ડિઝાયર ૧૨ અને એચટીસી ડિઝાયર ૧૨ પ્લસ.એચટીસી ડિઝાયર ૧૨ અને એચટીસી ડિઝાયર ૧૨ પ્લસ કૂલ બ્લેક અને વાર્મ સિલ્વર રંગમાં ઉપલબ્ધ થશે. એચટીસી ડિઝાયર ૧૨ અને એચટીસી ડિઝાયર ૧૨ પ્લસના પ્રીઓર્ડર ૭ જૂન, ૨૦૧૮ના રોજ ક્રમશઃ રૂ. ૧૫૮૦૦ અને રૂ. ૧૯૭૯૦માં શરૂ થઈ ચૂક્યા છે. પ્રી ઓર્ડર ખાસ કરીને એચટીસી ઈન્ડિયાના ઈ સ્ટોર પરથી આપી શકાશે. આ બંને પ્રોડક્ટ્સ રિટેલ વેચાણ માટે ૧૧ જૂન, ૨૦૧૮થી ઉપલબ્ધ થશે. વધુ જાણકારી માટે http://www.htc.com/in/ પર ઉપલબ્ધ છે.તેઓ બે અલગ અલગ પેકેજોમાં એક જેવા અનુભવો રજૂ કરીને ૫.૫''નો એચટીસી ડિઝાયર અને ૬''નો એચટીસી ડિઝાયર ૧૨ પ્લસ બંને ખૂબ પાતળા અને હથેળીમાં આરામથી સમાઈ જાય એવા છે પછી ભલે તેની સ્ક્રીનનો કિનારો ૧૮:૯ હોય.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

(૧લીલાવતીબેન અંબાલાલ સોની (મો. ૯૯૨૪૭૪૦૧૮૪)
(૨) અમૃતલાલ જીવરામભાઈ ઠક્કર (મો. ૯૪૨૮૯૪૫૦૧૭)
(૩)ત્રિભોવનદાસ પ્રભુદાસ ઠક્કર(મો. ૯૭૧૨૫૮૩૯૮૭)

**નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ**
**સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫,**
**૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮**

# જનક ઠક્કર ''સુરી'' સીરીયલ કલર્સ ગુજરાતી પર ફરી પ્રસારિત કરવામાં આવશે



જનક ઠક્કર જે ખુબ જાણીતા કલાકાર છે અને હમણા જ તેમને ૨૦૧૭ નો શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અને એ પણ 'સુરી' સીરીયલ માટે જ મળ્યો હતો. સુરી સિરીયલ છેલ્લા ૨ વર્ષથી લોકોના દિલોદિમાગ પર રાજ કર્યું હતું અને અચાનક સીરીયલ બંધ થઈ જતા લોકોમાં હતાશા છવાઈ ગઈ હતી અને ચાહકોને એમ હતું કે સીરીયલનો ભાગ- ૨ જલ્દી આવશે. પણ ભાગ- ૨ નહી હાલ પુરતુ ચાહકોની લાગણીને માન આપીને ભાગ-૧ ફરી વખત ચેનલે પ્રસારીત કરવાનું નક્કી કર્યુ છે અને ગતતારીખ ૪/૬/૧૮ થી રોજ સોમ-શનિ સાંજે ૬ વાગે કલર્સ ગુજરાતી પર પ્રસારીત થશે. જેવી લોકોને અને 'સુરી' સીરીઅલ તથા જનક ઠક્કરના ચાહકોને ખબર પડી લોકોમાં ખુશીની લાગણી ફરી વળી છે. આ સીરીયલ 'બેટી બચાવો' 'બેટી પઢાવો' તથા સામાજીક મેસેજ સમાજમાં ફેલાય એવી સીરીયલ છે. આ સીરીયલમાં જનક ઠક્કરનો ગામનો 'સરપંચ'નો કીરદાર છે. આ સીરીયલથી એમની વાકછટા એટલી પ્રચલિત થઈ હતી કે ગુજરાતભરમાં લોકો આવી વાકછટાની કોપી કરવાની કોશિશ પણ કરતા નજરે પડે છે. જનકભાઈ સામાજીક રીતે નરેન્દ્રભાઈ મોદી પણ 'સ્વચ્છ ભારત અભિયાનના' ગાંધીનગર તથા 'બ્રાન્ડ એમ્બેસેડર' પણ છે. સરકારી શાળાના બાળકો સાથે પણ સમય પસાર કરતા નજરે પડતા હોય છે. આ સીરીયલ મારી જિંદગી બહુ મોટો ટર્નિંગ પોઈન્ટ છે. આ સીરીયલને આટલી પસંદ કરવા બદલ હું શ્રોતાઓ, મિત્રોનો પરિવારજનો તથા મીડીયાના મિત્રોનો ખુબ આભારી છુ અને આવી જ રીતે પ્રેમ મળતો રહેશે એવી આશા રાખું છું. જનકભાઈએ જણાવ્યું જો આવો જ પ્રતિસાદ રહેશે તો ભાગ- ૨ બહુ દુર નથી.

# ડીસા હાઈવે ઉપરથી વિદેશી દારૂ ભરેલ સ્વિફ્ટ ગાડી ઝડપાઈ


ભરત સુંદેશા

ડીસા

જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એ.ચાવડાએ જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા પાલનપુર એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ જે એચ સિંધવના માર્ગદર્શન મુજબ પ્રો.પો.સ.ઈ. એમ.આર. મોહનીઆ તથા એલ.સી.બી. ટીમના મહેશભાઈ, કુલદીપસિંહ,મીલનદાસ, નિકુલસિંહની ટીમેં ડીસા ઉત્તર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ડીસા ઈસ્કોન મોલ પાસે નાકાબંધી કરી સ્વિફ્ટ ગાડી નં જીજે૨૪એએપ૭૪૯ ની કિં.રૂ.૫,૦૦,૦૦૦/-ની મા પરપ્રાંતિય વિદેશી દારૂની તથા બીયર ટીનની બોટલ નંગ ૭૮૦ કિ.રૂ.૮૨,૮૦૦/- નો મળી આવ્યો હતો.

પોલીસે દિનેશભાઈ સોનાજી ચૌધરી રહે.ચીમનગઢ તા.રાનીવાડા જી.જાલોર (રાજ)ને ઝડપી લીધો હતો જયારે અમરતભાઈ હીરાભાઈ ચૌધરી રહે. ચીમનગઢ તા.રાનીવાડા જી.જાલોર(રાજ) વાળો નાસી ગયો હતો. આથી કિ.રૂ,૫,૮૨, ૮૦૦/ મુદામાલ કબજે કરી પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

# સોયલા ગામે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ


ચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના સોયલા ગ્રામજનો દ્વારા અધિક જેઠ મહિનામાં ''દેવી ભાગવત કથા'' નું આયોજન કરવામાં આવેલ છે. તા. ૫/૬/૨૦૧૮ થી ચાલનાર ભાગવત કથાનું સમાપન તા. ૧૩/૬/૨૦૧૮ ના થશે. ભાગવત કથા સાંભળવા માટે ભીલડી, તેમજ આજુબાજુના ગામોની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં આવે છે. કથાકાર જયંતિભાઈ શાસ્ત્રીએ ભાગવત કથાનું મહત્વ સમજાવતા વ્યાસપીઠ પરથી બોલતા જણાવેલ કે ''ભાગવત કથા અનિષ્ટ તત્વોનો નાશ કરનારી છે. આમ નાની ઉંમરમાં કથાકાર જયંતિભાઈ શાસ્ત્રી વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું રસપાન કરાવી સોયલા ગ્રામજનો અને શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા છે.

સમગ્ર સોયલા ગ્રામજનો દ્વારા શ્રોતાજનો માટે ચા- પાણી અને ઠંડા મીનરલ પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ગામના સ્વયં સેવક ભાઈ બહેનો દ્વારા ખડેપગે ચા- પાણી અને જળ સેવા કરી ભાગવત કથામાં સહયોગ આપી રહ્યા છે.

# ડીસામાં મોહદ્દિસે આઝમ મિશન દ્વારા રોઝા ઈફતારીનો કાર્યક્રમ યોજાયો


જમીલ મેમણ

રાજપુર

મોહદ્દિસે આઝમ મિશન ડીસા દ્વારા ફૈઝાને મદની અશરફ ખાતે માહે ૨૩ રમજાનના રોજ રોજ સમૂહ રોઝા ઈફતારીનો કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં સમાજના વડીલો, આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા મિશનના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાચી શ્રધ્ધા

મહાભારતનું કૌરવો અને પાંડવો વચ્ચેનું યુધ્ધ નક્કી થઈ ગયું હતું. તે માટેની તૈયારીઓ પણ પુરજોશ પૂર્વક ચાલી રહી હતી. એકબાજુ કૌરવો પોતાના હિતેચ્છુઓને એકઠા કરવામાં લાગી ગયા હતા તો બીજી બાજુ પાંડવો પણ પોતાના હિતેચ્છુઓ ને એકઠા કરવામાં લાગી ગયા હતા.

હવે બન્યું એવું કે ભગવાન શ્રી કૃષ્ણની પણ મદદ લેવા સૌ પ્રથમ દુર્યોધન ભગવાન શ્રી કૃષ્ણને ત્યાં પહોંચી ગયો. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યાં હતા. એટલે દુર્યોધન ત્યાં તેમની પથારીમાં ઓશીકા પાસે બેઠો. કૌરવો વતી દુર્યોધન ભગવાનની મદદ માંગવા આવ્યો હતો. તેટલામાં અચાનક પાંડવો વતી ભગવાનની મદદ માંગવા માટે અર્જુન પણ ત્યાં આવી પહોંચ્યો. અર્જુન પૂરી મર્યાદા સાથે ભગવાન શ્રી કૃષ્ણના ચરણો પાસે આવીને બેઠો.

થોડી વારે ભગવાન શ્રી કૃષ્ણ જાગ્યા અને આંખો ખોલી તો તેમની નજર સીધી અર્જુન ઉપર પડી એટલે ભગવાને અર્જુનને આવકારીને કહ્યું, ''કેમ અર્જુન, ક્યારે આવ્યો ? અને આમ અચાનક આવવાનું કારણ શું છે ?''

ત્યારે અર્જુન કંઈ જવાબ આપે તે પહેલાં દુર્યોધન બોલી ઉઠ્યો, 'શ્રી કૃષ્ણ તમને મળવા માટે હું અર્જુનથી પણ પહેલા આવ્યો છું અર્જુનને સાંભળતા પહેલા તમારે મને સાંભળવો જોઈએ. એમ નીતિ કહે છે.''

ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ હસ્યા અને દુર્યોધનને સંબોધીને કહ્યું કે, ''જો ભાઈ, દુર્યોધન કદાચ તું અર્જુનથી પહેલા આવ્યો હો તે વાત બરોબર પરંતુ મારી આંખ ખુલી અને સૌ પ્રથમ મારી નજર અર્જુન ઉપર પડી આમ મેં સૌ પ્રથમ અર્જુનને જોયુ તેથી કંઈ પણ મને કહેવું હોય તો પહેલો હક્ક બને છે. એની વાત સાંભળી લઉં પછી મને તારે જે કહેવું હોય તે કહે જે.'' આમ, કહી પ્રભુએ અર્જુનને પૂછ્યું, ''બોલ, અર્જુન શા કારણે આવવાનું થયું ?''

ત્યારે અર્જુને જવાબ આપ્યો, ''હે નાથ, આપ તો જાણો છો કે અનેક પ્રયત્ન છતાં પણ અમારા અને કૌરવો વચ્ચે સંધિ ન થઈ. હવે યુધ્ધ કરવાનું નક્કી થઈ ગયું છે ત્યારે મને તમાર મદદની જરૂરત પડી છે માટે હું તમારી શરણે આવ્યું છું. હે પ્રભુ, આપ મદદરૂપ થાવ તેવી મારી ઈચ્છા છે.''

ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનની પરીક્ષા કરતાં કહ્યું, ''જો અર્જુન યુધ્ધ નક્કી જ છે અને મારે તમને પાંડવોને અને દુર્યોધન તથા કૌરવોને એમ બન્નેને મદદરૂપ થવું પડે એટલે જ મેં નક્કી કર્યું છે. એક બાજુ મારી ચતુરંગી સેના અને બીજી બાજુ હું છું અને તે પણ શસ્ત્રો વગરનો તેમાથી તારે પસંદગી કરવાની છે. હું યુધ્ધમાં લડીશ નહીં માત્ર સાથે રહીશ. જ્યારે મારી સેના યુધ્ધ કરશે માટે બંનેમાંથી જે પસંદ પડે તે તું માંગી લે.''

આ સાંભળી અને દુર્યોધન ગભરાઈ ગયો. દુર્યોધનને થયું કે ક્યાંક અર્જુન ચતુરંગી સેના માંગી લેશે તો મારે ભાગે તો કૃષ્ણ જ આવશે ! પછી હું તેને લઈને કરીશ શું ? મેં ભુલ કરી વહેલો આવ્યો હતો અને કૃષ્ણના ચરણ બેસી ગયો હોત તો ? તેને મનોમન પસ્તાવો પણ થયો અને ભગવાન શ્રી કૃષ્ણ પર ખીજ ચડી કે પોતાની સાથે કૃષ્ણએ અન્યાય કર્યો છે.

આ વિચારો દુર્યોધનના મગજમાં ચાલી રહ્યાં હતા. ત્યાં જ અર્જુને કહ્યું, ''હે પ્રભુ મને આપની ચતુરંગી સેના નથી જોઈતી મને તો આપ જ અમારી સેના સાથે રહો તેવી મારી ઈચ્છા છે.''

શ્રી કૃષ્ણ ભગવાન કહે છે, ''અર્જુન તું હજુ એકવાર વિચારી લે તને અફસોસ ન રહી જાય કે મેં શ્રી કૃષ્ણને પસંદ કરી ચતુરંગી સેના ગુમાવી.''

અર્જુન કહે છે, હું મારા નિર્ણય પર મક્કમ છું મને ચતુરંગી સેનાની જરૂર નથી. મને તમે જ અમારી સેનામાં રહો એ જ બરાબર લાગે છે.''

અર્જુનના આ નિર્ણયથી દુર્યોધનની ગ્લાનિ દુર થઈ. તે આનંદ વિભોર બની ગયો. તેને થયું કે, અર્જુન તો મહામુર્ખ છે કે ચતુરંગી સેનાને બદલે શસ્ત્ર વગરના શ્રી કૃષ્ણને પસંદ કર્યા. તેના ભાગે વગર માંગે ચતુરંગી સેના આવી તેથી તે રાજીનો રેડ થયો અને ત્યાંથી વિદાય થયો.

અને મહાભારતનું યુધ્ધ થયું.એ ભયંકર યુધ્ધમાં કપટી એવા દુર્યોધન અને કૌરવોનો નાશ થયો અને જેમના ભેગા નિઃશસ્ત્ર એવા શ્રી કૃષ્ણ ભગવાન હતા અને સારથી તરીકે ફરજ બજાવી એવા અર્જુન અને પાંડવોને દિગ્વિજય થયો. એનો એક માત્ર કારણ પાંડવોની ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની સાચી શ્રધ્ધા ગણાવી શકાય.

આજનું ભજન
આવો આવોને શ્રી નંદલાલ માખણ ખાવાને,
પુરૂષોત્તમ પ્રાણ આધર નહીં દઉં જાવાને,
કનક કટોરા માખણ ભરીયા મિશ્રી ભેળી અપાર રે,
ઉભલી ઉભલી વાટ જ જોઉં છું ક્યારે આવે નંદલાલ.
તારે મંદિરીયે હું નહીં આવું તુ છો ધુતારી નાર રે,
તું તો મુજને અમ કહીને કુડા ચડાવે છે આળ,
દીનનાથ તમે દામોદર એ શું બોલ્યા મોરાર રે,
પુરૂષોત્તમ પ્રભુ એક કહી રીઝવ્યા ભવોભવના ભરથાર.

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**

# વડોદરા : ત્રણ દિવસીય ચિંતન શિબિર પૂર્ણ, કેટલાક મુદ્દે ચર્ચા

અમદાવાદ

વડોદરા ખાતે યોજાયેલ નવમી ચિંતન શિબિરના ત્રીજા દિવસે શાસન પ્રણાલિને સકારાત્મક, નિર્ણાયક, પારદર્શી અને સતર્ક બનાવવાના આયામો અંગેના ચર્ચા સત્રમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મંત્રી મંડળના સદસ્યો, વરિષ્ઠ સચિવો સહભાગી થયા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ચર્ચા સત્રમાં ભાગ લેતા કહ્યું કે, નાગરિક અધિકારપત્રના અસરકારક અમલ દ્વારા રાજ્યના નાગરિકોના પ્રશ્નો સમયમર્યાદા હલ કરવામાં આવી રહ્યા છે તેમણે સુશાસન માટે ટેકનોલોજીના અસરકારક વિનયોગ દ્વારા અધિકારીઓ સંવેદનશીલતા સાથે લોકોના પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવે તેવું સુચવ્યું હતું. પટેલ નાગરિકોના રોજિંદા અને સતત ઉદ્‌ભવતા પ્રશ્નોના નિરાકરણ માટે આલાયદી વ્યવસ્થા ઉભી કરવાની હિમાયત કરી જરૂરિયાતવાળા પ્રશ્નો પરત્વે વધુ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. પટેલ ઉમેર્યુ કે આના પરિણામો રાજ્ય સરકારની પ્રગતિશીલતા, સંવેદનશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાની પ્રતિતિ સાચા અર્થમાં નાગરિકોને થશે. મહેસુલ મંત્રી કૌશિક પટેલ રાજયના વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, દિવ્યાંગો તેમજ લશ્કરમાં સેવારત અને નિવુત્ત કર્મીઓને સ્પર્શતા પ્રશ્નોના નિરાકરણ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવા સુચવ્યું હતું.મુખ્ય સચિવ ડો.જે.એન.સિંઘે ચર્ચા સત્રનું સમાપન કરતા કહ્યું કે, ઈ-ગવર્નન્સ સક્ષમ પ્રશાસન ટ્રલ તરીકે પ્રસ્થાપિત કરવાની આવશ્યકતા સૌએ સ્વીકારી છે તે આનંદદાયક છે. તેમણે દરેક વિભાગમાં હયુમન ઈન્ટર ફેઈસ ઓછો થાય અને બહુધા પધ્ધતિ ઓનલાઈન થાય તે પારદર્શિતા અને સ્વચ્છ પ્રશાસનની નેમ સરકાર થશે તેવો મત દર્શાવ્યો હતો. મુખ્ય સચિવએ દરેક વિભાગોના અદના કર્મયોગીઓને પણ ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ માટે સજ્જ કરવાની દિશામાં જિલ્લા-વિભાગના વડાઓ નેતુત્વ કરે તેવું પણ પ્રેરક સૂચન કર્યું હતું.

# બનાસકાંઠામાં બીજા દિવસે કોંગ્રેસ દ્વારા ચક્કાજામઃ ટાયરો સળગાવાયાં













ભરત સુંદેશા, નરસિંહ દેસાઈ, કંચનજી ઠાકોર, એન.કે.મોદી, યશપાલસિંહ ટી.વાઘેલા, ઈશ્વર રબારી, પુષ્કર ગોસ્વામી, પાંચાભાઈ દેસાઈ







### અંબાજી

૨૦૧૯ માં આવનારી લોકસભા માટેની તૈયારીઓ શરૂ થઇ ગઇ હોય તેમ રાજકીય પક્ષો વિવિધ કાર્યક્રમો આપી પ્રજા સમક્ષ આવવાનાં પ્રયત્નો કરી રહી છે. ત્યારે આજે પણ કોંગ્રેસ સમીતી દ્વારા રસ્તા રોકો નું કાર્યક્રમ જાહેર કરાયો હતો. જેને લઇ યાત્રાધામ અંબાજી ખાતે પણ કોંગ્રેસ નાં કાર્યકર્તાઓ મોટી સંખ્યા માં એકત્રીત થઇ રસ્તા વચ્ચે ઉભા રહી સુત્રોચ્ચાર કરી વાહનો ને થોભાવી દીધા હતા. અને રસ્તા ઉપર વિવિધ શાકભાજી ફેંકી ભાજપ સરકારજનો વિરોધ પ્રદર્શીત કર્યો હતો. જોકે ખેડુતો ને પોતાની શાકભાજી નાં પોષણક્ષમ ભાવે મળતાં નથી. ત્યારે બીજી તરફ મોંઘવાની ગરીબો ની કમર તોડી રહી છે. ત્યારે કોંગ્રેસ આવા ગરીબ લોકો અને ખેડુતો ની સાથે રહી સરકારનોં વિરોધ કરી રહી છે. ને આજે પણ મોટી સંખ્યા માં કાર્યકર્તાઓ દ્વારા કરાયેલાં વિરોધ પ્રદર્ષન માં પરીસ્થીતી વધુ વણશે નહી તે માટે પોલીસ નો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અંબાજી ખાતે કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા શાકભાજી ફેંકી કરી રહેલાં સુત્રોચ્ચારનાં પગલેં વધુ પરીસ્થીતી વણશે તે પહેલાં પોલીસે ૧૫ જેટલાં કાર્યકર્તાઓની અટકાયત કરી પરીસ્થીતીને થાળે પાડી હતી. અને વાહન વ્યવહારને પણ રાબેતા મુજબ શરૂ કરી દેવાયો હતો. અને તુલસીરામ જોષી(પ્રમુખ, કોંગ્રેસ શહેર સમીતી)અંબાજીએ જણાવ્યુ હતુ કે ખેડુતો ને પોષણક્ષમ ભાવ મળતાં નથી. મોંઘવાની ખુબ વધી છેને જ્યાં સુધી સરકાર પગલાં નહી લે ત્યાં સુધી અમારા આવા કાર્યક્રમો ચાલુ રહેશે.

### ડીસા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ખેડુતોના વિવિધ પ્રશ્નો અને વધતી જતી મોંઘવારીને લઈ રાજવ્યાપી આંદોલન શરૂ કરાયુ છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં તાલુકા મથકોએ આવેદનપત્ર અપાયા બાદ ગઈકાલે ઠેરઠેર ખેડુતોના સમર્થનમાં કોંગ્રેસ કાર્યકરોએ રસ્તા રોકો આંદોલન કર્યુ હતું. ખેડુતોના વિવિધ પ્રશ્નો જેવા કે વીજળી, પોષણક્ષમ ભાવો, જમીનનું વળતર, તથા પાક વિમાના અસરકારક પગલાને લઈ કોંગ્રેસ કાર્યકરો રસ્તા ઉપર આવ્યા હતા અને ઠેરઠેર ટાયરો સળગાવી રસ્તો રોકવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે ડીસા ભીલડી હાઈવેને પણ ચક્કાજામ કરવા ટાયરો સળગાવી વિરોધ કરાયો હતો. ખેંટવા ગામ નજીક નેશનલ હાઈવે પર કોંગ્રેસ કાર્યકરો દ્વારા ટાયરો સળગાવી રસ્તો રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ ઘટનાસ્થળે જ હાજર હોવાથી પોલીસે સ્થળ પર જઈ ટાયરો સળગતા હટાવી વાહનોની અવરજવર ચાલુ કરી હતી. જેથી ચક્કાજામ થાય તે પહેલા પોલીસ સતર્ક બની ગઈ હતી. જો કે કોંગ્રેસી કાર્યકરો દ્વારા 'જય જવાન જય કિસાન' તેમજ સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારે ભીલડી પોલીસે પરિસ્થિતિ વણશે તે પહેલા કોંગ્રેસના ૧૧ જેટલા કાર્યકરોની અટકાયત કરાઈ હતી અને ચક્કાજામ કરવાના પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો હતો.

### ધાનેરા

આજે ધાનેરા ખાતે પણ કોંગ્રેસના ધારાસભ્ય નથાભાઈ પટેલ સહિત અન્ય કાર્યકરોએ ધાનેરા રેલવે પુલ પર ચક્કાજામ કરી રોષ ઠાલવ્યો હતો. ગુજરાતની રૂપાણી સરકાર તેમજ કેન્દ્રની મોદી સરકાર વિરુદ્ધ હાલ કોંગ્રેસ રાજયવ્યાપી દેખાવો કરી રહી છે.ત્યારે આજે ધાનેરાના રેલવે પુલ પર ટાયર સળગાવી રસ્તો બંધ કરાયો હતો.કોંગ્રેસ કાર્યકરોએ રસ્તા પર બેસી જઇ મોદી સરકાર વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

એક તરફ જિલ્લા ભાજપના કાર્યકરો ગરમીમાં નાગરિકોને છાસ પીવડાવી પ્રશંશા મેળવી રહ્યા છે. જયારે બીજી તરફ કોંગ્રેસ રસ્તા પર દૂધ રેડી સરકાર ની કામગીરી સામે રોષ ઠાલવી રહી છે.

આજે રસ્તા રોકો આંદોલન અંતર્ગત ધાનેરામાં હોબાળો થતા પોલીસે કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી હતી.જો કે ક્ષણભરના આ ચકાજામના લીધે વાહન ચાલકો ટ્રાફિકમાં ફસાયા હતા .ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ બળવંતસિંહ બારોટ, શહેર પ્રમુખ મહેદાભાઈ પટેલ,કોંગ્રેસ અગ્રણી ઈશ્વરભાઈ પટેલ સહિતમાં ૨૫ જેટલા કાર્યકરોની અટકાયત કરાતાં ધારાસભ્ય નથાભાઈ પટેલે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે ખેડૂતોના પ્રશ્નને વાચા આપવા આ કાર્યક્રમ કરાયો હતો.પરંતુ અમારો અવાજ દબાવવા સરકારના ઈશારે પોલીસે અમારા પર દમન ગુજાર્યું છે.

### દીઓદર

દીઓદર તાલુકામાં કોંગ્રેસ હંમેશાં ધમધમતી રહે છે તેના કાર્યકરોનો ગમે તે પરિણામ હોય પણ ભારે ઉત્સુકતા હોય છે.તેમાંય વિધાનસભામાં પણ કોંગ્રેસને સફળતા મળી અને કોંગ્રેસના અગ્રણી શીવાભાઈ ભુરીયા ધારાસભ્ય તરીકે ચુંટાયા.ત્યારબાદ યોજાયેલ જીલ્લા - તાલુકા પંચાયતની ચુંટણીમાં ૪ પૈકી બે જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં શાસન કોંગ્રેસે મેળવ્યું.પરંતુ આ બધી ચુંટણીઓ યોજાયા બાદ કોંગ્રેસ નિરસતામાં ધકેલાઈ હોવાનું અહેસાસ કોંગ્રેસના કાર્યકરોમાં થઈ રહ્યું છે.

હાલે દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ કોણ છે ? તેજ પ્રશ્ર કોંગ્રેસના કાર્યકરોમાં જણાઈ રહ્યું છે.એક સમયના કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ હાલે જીલ્લા પંચાયતના સદસ્ય બન્યા છે.જિલ્લા-તાલુકાની ચુંટણીઓ સમયે તેમણે રાજીનામું આપતાં ઈન્ચાર્જ પ્રમુખ મુકાયા પણ હાલે કોંગ્રેસના સંગઠનનું કોઈજ ઠેકાણું નથી.પક્ષના કાર્યકરો ભારે વિમાસણમાં છે અને જેના કારણે કોંગ્રેસની બેઠકોથી દુર ભાગી રહ્યા હોવાનું અહેસાસ થઈ રહ્યું છે.કોંગ્રેસના પ્રદેશ કક્ષાનો આદેશ હોય છતાં કોંગ્રેસના કાર્યક્રમમાં ગણતરીના આગેવાનો (કાર્યકરો નહી) જ આવે છે અને સંતોષ માને છે.પ્રદેશ કક્ષાએથી પણ કોંગ્રેસના તાલુકા પ્રમુખ તરી-કે કોઈની વરણી રેગ્યુલર કરાતી નથી જેથી કાર્યકરો અવઢવમાં છે.કોંગ્રેસમાં સૌને સાથે લઈ ચાલી શકે અને કાર્યકરોનો વિશ્વાસ જીતી શકે તેવા પ્રમુખની તાકીદે વરણી થાય તેવી કોંગ્રેસ કાર્યકરોની માંગણી છે.

### થરા

ગુજરાતમાં ગુજરાત કોંગ્રેસ પાર્ટી દ્વારા ખેડુતોના હિત અને રક્ષણ માટે કોગ્રેસ દ્વારા દરેક જીલ્લા મથક,તાલુકા મથક તેમજ શહેરી વિસ્તારથી લઇ દરેક જગ્યાએ આંદોલન ચાલી રહ્યા છે.તેના ભાગ રુપે કાંકરેજ તાલુકા તેમજ થરા શહેર કોગ્રેસ સમિતી દ્વારા ગઈકાલે સવારે કંડલા-દિલ્લી નેશનલ હાઈવે નં-૨૭ ઉપર થરામાં કોગ્રેસ સમિતીના કાર્યકર્તાઓ દ્વારા ખેડુતોના હીત માટે તેમજ ખેડુતોનુ થતુ શોષણ અટ્કાવવા, તેમજ ખેડુતોના દેવા નાબુદ કરવા,ખેડુતોને પોતાના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તેમજ પ્રેટ્રોલ તેમજ ડીઝલના વધારેલા ભાવો જેવા અનેકવિધ મુદાઓને લઈને તથા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ આવે તે હેતુથી ગઈકાલે થરામાં નેશનલ હાઈવે ઉપર ટાયરો સળગાવી આગ ચંપી તેમજ રસ્તા ઉપર આડા બેસીને રસ્તા ઉપર વાહનો રોકી રસ્તો ચક્કાજામ કર્યો હતો.ચક્કાજામ કર્યા બાદ વાહન માલિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.બનાવની ખબર પડતાંની સાથે થરા પોલિસ ધટનાસ્થળે પહોચી જીલ્લા પંચાયત સદ્સ્ય તેમજ તાલુકા પંચાયત પ્રમુખ સહિત તમામ કાર્યક્તાઓની ધરપકડ કરી પોલિસ સ્ટેશન લાવ્યા હતા.ત્યારબાદ થોડા સમય પછી દરેક કાર્યકતાઓને છોડી મુકી જેલ મુકત કર્યા હતા.

આ પ્રસંગે ભુપતજી નાગજીજી મકવાણા-(જીલ્લા પંચાયત સદસ્ય),પુરણસિંહ વાઘેલા(જીલ્લા પંચાયત સદસ્ય),વરધીજી મકવાણા( પ્રમુખ કાંકરેજ તાલુકા પંચાયત),(મહામંત્રી જીલ્લા કોગ્રેસ),(પ્રમુખ તાલુકા કોંગ્રેસ),દિનેશભાઇ જાલેરા,કોંગ્રેંસ આગેવાન,મહીપતસિંહ વાઘેલા(ઉપ.પ્રમુખ.તાલુકા પંચાયત કાંકરેજ),અલ્પેશ શેઠ(પ્રમુખ થરા શહેર કોગ્રેસ)બાબરભાઇ દેસાઇ (તાલુકા સદસ્ય),મનુભાઇ પરમાર(તાલુકા સદસ્ય),અશોક પરમાર(તાલુકા સદ્સ્ય),પરબતજી(તાલુકા સદસ્ય), અજમલજી (તાલુકા સદસ્ય) વગેરે કાર્યક્તાઓ જોડાયા હતા.

### વડગામ

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જીવન જરૂરી ચીજના અસહ્ય ભાવ વધારો કરતાં ગરીબ, મધ્યમ વર્ગના લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શાકભાજી, અનાજ, કઠોળ, ખાદ્યતેલના ભાવો વધવાથી ગરીબોના ઘરમાં બે ટંકનું ભોજન મેળવવું મુશ્કેલ બન્યું છે. જેના કારણે ખેડુતોમાં આપઘાતના બનાવો વધવા લાગ્યા છે. છેલ્લા વીસ વર્ષથી લોકોના જીવન નિર્વાહનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બન્યો છે. જે સંદર્ભે ગઈકાલે તારીખ ૯/૬/૨૦૧૮ શનિવારે વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ દેવુસિંહ ડાભીની અધ્યક્ષતામાં વડગામ બસસ્ટેન્ડ ચોકમાં ધરણાં યોજી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

ધરણાંના કાર્યક્રમમાં તા.કો.ઉપપ્રમુખ ડી.એમ. પટેલ (સલેમકોટ), પૂર્વ પ્રમુખ માનસંગભાઈ જે. ઉપલાણા (મગરવાડા), તા.કોં.મહામંત્રી અજીતસિંહ હડીયોલ, તા.પં. ઉ.પ્રમુખ બળદેવજી ઠાકોર, પ્રદેશ યુવા મંત્રી કલ્પેશભાઈ જે. ચૌધરી (સમશેરપુરા), પૂર્વ પ્રમુખ પી.ડી.હડીયોલ, તા.કોં. યુવા પ્રમુખ દેવુસિંહ ભાટી(સેજરપુરા), ભિખાભાઈ (ચંગવાડા), જાકીરભાઈ પઠાણ, ગોપાલસિંહ રાજપુત સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### દાંતીવાડા

હાલમાં સમગ્ર દેશ સહિત ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી પેટ્રોલ ડીઝલ ગેસ સહિત જીવન જરૂરિયાત વસ્તુઓના ભાવ વધારો થતા મોંઘવારીમાં સપડાયેલા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. તેમજ ખેડુત પોષણક્ષમ યુક્ત- ભાવો ન મળવા તેમજ સરકાર સામે વિવિધ માગણીઓ અને રજુઆતનો કોઈ ન્યાય ન મળતા વિરોધ પક્ષ કોંગ્રેસ- દ્વારા બાંયો ચડાવી સરકાર સામે મોરચો માંડી તાલુકા મથકે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જે સંદર્ભે બીજા દિવસે પણ દાંતીવાડા બનાસ નદી પુલની પાસે રસ્તાઓ ઉપર ટાયરો સળગાવ્યા હતા. જેના કારણે પુલ બન્ને બાજુ ટ્રાફિક જામ થઈ ગયું હતું. ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ નહી લાવવામાં આવે તો આવનારા દિવસોમાં આંદોલન તેજ બનાવવામાં આવશે. તેવી ચીમકી સાથે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નટવરસિંહ વાઘેલા, નયન જોષી, જિલ્લા ડેલિગેટ જયંતિભાઈ ઠાકોર, બાબુભાઈ રબારી, દલપતસિંહ, કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### લાખણી

ભાજપ સરકાર દ્વારા અસહ્ય પેટ્રોલ ડિઝલમાં ભાવ વધારો, મોંઘવારી, જી.એસ.ટી.તેમજ ખેડૂત વિરોધી વલણને લીધે લાખણી કોંગ્રેસ સમિતિ દ્વારા હાઈવે ઉપર એકઠા થઈ રસ્તા રોકો આંદોલન કરાયું હતું. જેના લીધે હાઈવે ઉપર ટ્રાફિક જામ થવા પામ્યો હતો. જે બાબતની જાણ થતા આગથળા પોલીસે કોંગ્રેસ કાર્યકરોને રસ્તા ઉપર થી ખસેડી હાઈવે ખુલ્લો કરાવ્યો હતો.

### રાહ

સમગ્ર દેશમાં ખેડુતોના વિવિધ પ્રાણ પ્રશ્નોને લઈને છેલ્લા ત્રણ દિવસથી કોંગ્રેસ દ્વારા સરકાર વિરૂધ્ધ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. ત્યારે થરાદ તાલુકાના રાહ ચાર રસ્તા ખાતે માજી ધારાસભ્ય જોયતાભાઈ પટેલ અને પ્રદેશ મંત્રી મોંગીલાલ પટેલની ઉપસ્થિતિમાં કોંગ્રેસી કાર્યકરો એકત્રિત થઈ ખેડુતોના પ્રાણ પ્રશ્નો જેવા કે ખેતપેદાશોમાં પોષણક્ષમ ભાવ તેમજ ખેડુતોના તમામ દેવા માફ કરવા વગેરે બાબતને લઈને ભાજપ સરકાર વિરૂધ્ધ ભારે સુત્રોચાર કર્યો હતો અને શાકભાજીનો ઢગલો કરી વિરોધ નોંધાવેલો અને રસ્તામાં શાકભાજી વેરી હતી. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય જોયતાકાકા, પ્રદેશ મંત્રી મોંગીલાલ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્યો અને ડેલીગેટ હરીભાઈ રબારી, રાહ ગામના સરપંચ મેઘાભાઈ પરમાર, મુળસીંગ દરબાર, યુવા કાર્યકર નારણભાઈ રબારી અને તાલુકા પંચાયતના સદસ્યો અને કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

---

<u>વિરોધ પ્રદર્શનો વચ્ચે લાખણીમાં કોંગ્રેસનો નવો નુસખો</u>

## ભગવાન રામના નામે શરૂ કરાયેલ પાણીની પરબ અને વિસામાનું લોકાર્પણ

પ્રતિનિધિ લાખણી

બનાસકાંઠામાં આજે કોંગ્રેસે ચક્કાજામ કરી સતત બીજા દિવસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.જોકે તાલુકામથક લાખણી ખાતે આજે કોંગ્રેસે લોકો માટે ઠંડા પાણીની પરબ તેમજ અને વિસામાનું ઉદઘાટન કર્યું હતું. ભાજપ રામને ભૂલી રહ્યો છે ત્યારે કોંગ્રેસે આજે લાખણી ખાતે રામના નામે પરબ ચાલુ કરતા અચરજ સર્જાયું હતું. બનાસકાંઠાના લાખણીને તાલુકા મથકનો દરજ્જો મળ્યાને પાંચ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં સરકારે લાખણી ખાતે હજુ પૂરતી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી નથી. લાખણીના બસ સ્ટેશન ઉપર લોકોને ધોમધખતા તાપમાં ગરમીમાં શેકાવવું પડે છે. લાખણીમાં બસ સ્ટેશન કે પીકઅપ સ્ટેન્ડ તો દૂર, પીવાના પાણીની




પણ વ્યવસ્થા નથી ત્યારે લાખણી તાલુકા કોંગ્રેસ સમિતિએ લાખણી ખાતે મુસાફરો માટે ઠંડું પાણી તથા ગરમીમાં લોકોને બેસવા માટે વિસામાની વ્યવસ્થા કરી છે.આજે આ પરબ અને વિસમાંનું દિયોદરના ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા, લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ મહેશભાઈ દવે અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધુડાભાઈ પટેલના હાથે રીબીન કાપી તેમજ દીપ પ્રાગટ્ય કરી ઉદઘાટન કરાયું હતું.આ પરબની વિશેષતા એ છે કે ભાજપ સત્તા મેળવ્યા બાદ ભગવાન રામને ભૂલી ગયો છે ત્યારે લાખણી ખાતે કોંગ્રેસે ભગવાન રામના નામે પરબ શરૂ કરી આ પરબમાં ભગવાન રામનો ફોટો મૂકી ભાજપ પાસેથી ભગવાન રામનું નામ છીનવી લેવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

---

## ધાનેરાના શેરા ત્રણ રસ્તેથી વિદેશી દારૂ ઝડપાયો

**બે આરોપીની ધરપકડઃ ૪,૩૪,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત**



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા પોલીસે શેરા ત્રણ રસ્તા પાસેથી મારૂતિ સ્વીફ્ટ ગાડીમાંથી વિદેશી દારૂ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરા પી.આઈ.આર.કે. પાઠકને બાતમી મળતાં સ્ટાફના જવાનો જયંતીભાઈ, ઈશ્વરભાઈ, અરજણજી, વિજયસિંહ તથા ભેમજીભાઈને સાથે રાખી શેરા ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરતાં બાતમીવાળી મારૂતી સ્વીફ્ટ ગાડી (નં.જીએ-૦૬ ડી ૪૫૫૬) ની તલાશી લેતાં અંદરથી વિદેશી દારૂની પેટી નંગ-૨૮ બોટલ નંગ ૧૩૪૪ (કિંમત રૂ. ૧,૩૪,૪૦૦) તથા ૩ લાખની ગાડી સાથે આરોપી ચાલક મનોજકુમાર રામલાલ રબારી (રહે. પાંચલા તા. સાંચોર) તથા ચતરાભાઈ ગણેશાભાઈ રબારી (રહે. મગરાવા તા. ધાનેરા)ની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

## થરાદના કથા મહોત્સવમાં ગામે ગામ ગાયના વાડા રાખવા પ્રજાને હાકલ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં પાવન અધિકમાસમાં વિશ્વકલ્યાણ અર્થે અને નગરની ગૌશાળાના લાભાર્થે પ્રથમ વખત આયોજીત ભગવાનના પરમ ભક્ત નરસિંહ મહેતાના જીવન પર આધારિત સત્ય-પ્રેમ-કરુણા થી ભરપૂર કુંવરબાઈનું મામેરુ(નાની બાઈરો માયરો ) ત્રિ-દિવસીય કૃષ્ણભક્તિની કથામહોત્સવનું વ્યાસપીઠ પર વક્તા ગૌવત્સ શ્રી ભગતબાપુ (ભરતભાઇ ત્રિવેદી) કારેલીવાળા બિરાજી સંગીતમય માહોલમાં રસતરબોળ કથાનું શ્રવણ કરાવી રહ્યા છે.કથામાં બીજા દિવસે નિર્ધન નરસિંહ મહેતાની પોતાની પુત્રી કુંવરબાઈનું મામેરું ભરવા માટે પહોંચ્યા તે વખતના સાસરીયાંના મેણાંટોણાંથી ત્રસ્ત છતાં દીકરીના પ્રેમ અને પિતાની વ્યથાના કરૂણ રસનું શ્રવણ સાંભળીને ઉપસ્થિત તમામ શ્રોતાઓનાં હૈયાં વાત્સલ્યથી ભરાતાં આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં હતાં. કથાકાર ભગતબાપુએ દીકરી ને પારકુ ધન ગણતા માતા-પિતાઓને દિકરીને પોતાનું જ ધન ગણી સાસરાને પારકું નહી પોતાનું ગણવાના સંસ્કારો ગળથુંથીમાં જ આપવાની શીખ આપી હતી.

અનુસંધાન પાના નં.૬

---

## ચીની પ્રમુખ જિનપિંગ સાથે મોદીએ ફરીથી મંત્રણા કરી

કિંગદાઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચીનના કિંગદાઓ શહેરમાં ચીની પ્રમુખ શી જિનપિંગ સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સહકારના તમામ પાસાઓ પર ચર્ચા કરી હતી. મિટીંગ પહેલા બંને નેતાઓ મળ્યા હતા. પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે ભારત અને ચીનના મજબૂત અને સ્થિર સંબંધોથી દુનિયાને સ્થિરતા અને શાંતિની પ્રેરણા મળી શકે છે. મોદીએ વુહાનમાં તે પહેલા થયેલી અનૌપચારિક મુલાકાતની યાદ તાજી કરી હતી. છ સપ્તાહ બાદ જ બંને નેતાઓ ફરી એકવાર મળ્યા છે. મોદી અહીં એસસીઓની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા છે. આ બેઠકમાં જુદા જુદા પાસા પર ચર્ચા થનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ચીન પહોંચ્યા છે. મોદી ૧૮માં શાંઘાઈ સહયોગ સંગઠન સંમલનમાં ભાગ લેવા માટે પહોંચ્યા છે. આજે મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગને મળ્યા હતા અને દ્વિપક્ષીય બેઠક યોજી હતી. જિનપિંગ સાથે મુલાકાત પહેલા મોદી એસસીઓના સેક્રટરી જનરલ રાશિદ અલિમોવને પણ મળ્યા ઉલ્લેખનીય છે કે, સમિટમાં પહેલીવાર ભારત-પાક સભ્ય તરીકે સામેલ થયા છે.મોદીનો દોઢ મહિનામાં આ બીજો ચીન પ્રવાસ છે તે એપ્રિલમાં અનૌપચારિક બેઠક માટે ચીન ગયા હતા મોદી સંમેલન સમયમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ અને ૪ અન્ય દેશોના રાષ્ટ્રધ્યક્ષો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરશે એસસીઓની મુખ્ય બેઠક ૧૦ જૂને થશે ઈરાનના પ્રમુખ હસન રુહાનની નિરક્ષિક દેશોના રાષ્ટ્રધ્યક્ષ તરીકે સમિટીમાં ભાગ લઈ રહ્યા છે. અમેરિકા સાથે ડીલ તૂટયા બાદ અહીં ઈરાન પરમાણુ કાર્યક્રમને ચીન, રશિયા અને ભારત ટેકો પણ આપી શકે છે. વિદેશ મંત્રાલય પ્રવકતા રવીશકુમારે જણાવ્યું કે મોદી અને શિ જિનપિંગ વુહાનમાં લેવાયેલા નિર્ણયોનો અમલ થયો કે નહિં તેનું નિરિક્ષણ કરી રહ્યા છે. એસસીઓ સભ્યો દેશોની પાસે યુરેશિયાન દેશોની ૬૦ ટકા જમીન છે આ ૮ દેશોમા દૂનિયાની અંદાજે ૫૦ ટકા વસ્તી રહે છે. તેના સભ્ય દેશો પાસે દૂનિયાની અંદાજે ૨૦ ટકા જીડીપી છે ચીનમાં ચોથી વખત આ સમિટ થઈ રહી છે

અનુસંધાન પાના નં.૬

---

## શાળાઓ માટે નવા શૈક્ષણિક વર્ષનું કેલેન્ડર જાહેર

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓ માટેના નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરાયું છે. તે મુજબ આગામી વર્ષે ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તા.૭ થી ૨૩ માર્ચ, ૨૦૧૯ દરમિયાન લેવાશે. આગામી વર્ષે ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા તા.૬ થી ૯ જૂન સુધી લેવાશે. જ્યારે ધો.૯-૧૦-૧૧ અને ૧૨ની પહેલી સત્રાંત પરીક્ષા તા.૧૯ થી ૩૦ ઓક્ટોબર, ૨૦૧૮ દરમિયાન લેવાશે.

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા તા.૧૫ થી ૧૮ ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન શાળા કક્ષાએ યોજાશે. જયારે ધો.૧૦ અને ૧૨ની શાળાઓ દ્વારા લેવાતી પ્રાયોગિક પરીક્ષા તા.૧૨ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે. ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા તા.૮ થી ૧૬ એપ્રિલ દરમિયાન લેવાશે. ધો.૧૦-૧૧ અને ૧૨ની પ્રિલિમનરી પરીક્ષા તા.૨૮ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન બાવન રવિવાર, ૧૭ જાહેર રજાઓ, ૨૧ દિવસનું દિવાળી વેકેશન અને ૩૫ દિવસ ઉનાળુ વેકેશનની રજા મળશે. પહેલું સત્ર ટૂંકું રહેશે, જ્યારે બીજા સત્રમાં ૧૦૨ દિવસ શૈક્ષણિક કાર્ય થશે. બોર્ડ દ્વારા શાળાઓ માટે નવા વર્ષના શૈક્ષણિક કેલેન્ડરની જાહેરાત કરાતાં સંચાલકો અને શિક્ષકોને પણ એક માર્ગદર્શન મળી રહેશે તો, સાથે સાથે વિદ્યાર્થી અને વાલીઓને પણ તેમની શૈક્ષણિક તૈયારી અને આયોજનમાં મદદ મળી રહેશે.

---

## દીઓદર તાલુકા યુવા ભાજપ દ્વારા છાશનું વિતરણ કરાયું



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે તા.૮-૬-૨૦૧૮ના રોજ સવારે ૯ કલાકે દીઓદર જુના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બાણમાતાજીના મંદિરે પાસે દીઓદર તાલુકા યુવા ભાજપ દ્વારા દીઓદર આજુબાજુના ગામડાઓ તેમજ દીઓદરની જનતાને કાળજાળ ગરમીમાં રાહત મળી રહે તે માટે ઠંડી છાસ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ૫૦૦ લીટર જેટલી છાસનું વિતરણ કરવામાં આવેલ. જેમાં ૩૦૦૦ જેટલા લોકોએ લાભ લીધેલ. આ પ્રસંગે પૂર્વ રાજયમંત્રી કેશાજી ચૌહાણ, દીઓદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, બ.કાં. જીલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ ચૌધરી, દીઓદર તાલુકા યુવા ભાજપ પ્રમુખ નાગજીભાઈ દેસાઈ, મહામંત્રી ભરતભાઈ એચ. જોષી, દી.તા. ભાજપ મહામંત્રી ભરત ભાઈ અખાણી, ભવાનજી ઠાકોર, કે.પી.માળી સહીત યુવા ભાજપના આગેવાનો,કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# તંત્રી સ્થાનેથી ...

**દુષ્ટોના સહવાસથી સાધુનો નાશ થાય છે.**

## રૂા. ૨૦૦૦ કરોડનું બિટકોઈન કૌભાંડમાં બોલીવુડની હસ્તીઓ સામેલ

દેશમાં કૌભાંડો આચરવાનો સિલસિલો રોકી શકાયો નથી. દર અઠવાડીયે નીતનવું કૌભાંડ અખબારોના પાને વાંચવામાં આવે છે. તેમ છતાં તેને પડકારવાના આજદિન સુધી કોઈપણ પ્રકારના પ્રયાસો થયા નથી. વર્તમાન સંજોગોમાં પ્રાદેશિક સ્તરે નાની- મોટી અનેક સ્કીમોની જાહેરાત પાછળ લોકોના નાણાં ફસાતા જાય છે. પરંતુ જ્યાં લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે મરે નહિં. આ કહેવતને યથાર્થ કરાવતી મોન્ઝી સ્કીમો હોય છે અને લોકો આવી સ્કીમો પર તુટી પડતા હોય છે, ૨૦૦૦ કરોડના બીટકોઈન કૌભાંડમાં બોલીવુડની હસ્તીઓ સંડોવાયાના અહેવાલોએ સમગ્ર પ્રકરણ તરફ દેશના લોકો નજર માંડી રહ્યા છે. આ કૌભાંડમાં હજુ કોણ કોણ સંડોવાયેલું છે તે બાબતે સમગ્ર દેશમાં ચર્ચા ચાલી રહી છે, આ કૌભાંડમાં ક્રિકેટરો અને રાજકારણીઓ પણ સંડોવાયેલા હશે તો બહાર આવ્યા સિવાય રહેશે નહિં.

એફોર્સમેન્ટ ડાયરેક્ટરો (ઈ.ડી.) જ્યારે રાજકુન્દ્રાની પૂછપરછ કરી ત્યારે પોતાના પતિની ધરપકડ ન થાય તે માટે શિલ્પા શેટ્ટીએ તિરૂપતિ બાલાજી મંદિરે જવાની બાધા રાખી હોવાનું પણ બહાર આવ્યું છે. જો કે બીટકોઈન કૌભાંડમાં સામીલ હશે તો કાયદો કોઈને છોડશે નહિં એ વાત ચોક્કસ છે.

બિટકોઈન કૌભાંડના મુખ્ય સુત્રધાર અમિત ભારદ્વાજ છે, તેઓએ શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજકુદ્રા સાથે બિટકોઈન ક્ષેત્રે રોકાણ કર્યું હતું.

આઈ.પી.એલ.ની મેચોમાં સટ્ટો રમાડવાના કિસ્સામાં પણ રાજકુંદ્રાની આખી ટીમ કેન્સલ કરવામાં આવી હતી અને કુંદ્રાને આઈપીએલ મેચોથી દૂર રહેવાનો આદેશ અપાયો હતો. કૌભાંડો આચરવાની પણ એક પ્રકારની રાજનીતિ હોવાનું મનાય છે. ભલે ને દેશની જનતા લૂંટાય તેની કૌભાંડો આચરનારા મહારથીઓને ચિંતા હોતી નથી.

બિટકોઈન કૌભાંડમાં અમિત ભારદ્વાજ સહિત અન્ય આઠ જણા વિરૂધ્ધ મહારાષ્ટ્ર પોલીસે મની લોન્ડરીંગ એક્ટ હેઠળ એફઆરઆઈ નોંધી છે, આમાં ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓએ પણ તપાસ આચરવા ઝુકાવ્યું છે. આ કૌભાંડે તો સમગ્ર દેશમાં હાહાકાર મચાવી દીધો છે. છતાં સરકાર તરફથી એક હરફ ઉચ્ચારાયો નથી. તે એક ગંભીર બાબત કહી શકાય.

જ્યારે કોઈપણ પ્રકારનું નાનુ મોટું કોભાંડ બહાર આવે તો તરત જ સરકારે દરમિયાનગીરી કરી કૌભાંડ આચરનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવી જોઈએ. પરંતુ આમાનં કંઈ જ થતું નથી. જેથી કૌભાંડો આચરનારા મહારથીઓને જલસા થઈ પડતા હોય છે.

કયા રોકાણકારોના કહેવાથી બોલીવુડની હસ્તીઓએ બિટકોઈનમાં રોકાણ કર્યું હશે? દરેક ના મનમાં તો માત્ર એક જ પ્રશ્ન ઉઠે છે કે ૮૦૦૦ રોકાણકારોને શોધવાના પ્રયાસો થશે કે નહિં!

કૌભાંડો આચરવા બે નંબરી પૈસો ધરાવતા દેશમાં મુખ્યત્વે ત્રણ વર્ગ છે. એક છે બોલીવુડ, બીજુ છે ક્રિકેટ અને ત્રીજું છે. રાજકારણ! જોઈએ હવે આ ત્રણ વર્ગમાંથી કાયદાના સાંડસામાં કોણ કોણ આવશે? એ જોવાનું રહ્યું. બિટકોઈન કિસ્સામાં ગુજરાત પણ પાછળ નથી. આ કિસ્સામાં કેટલાક પોલીસમેનો પણ સંડોવાયેલા છે.

## ટાટા મોટર્સે ટાટા ગ્રુપની ૧૫૦ વર્ષની ઉજવણી કરવા માટે તેની પ્રવાસી વાહનોની શ્રેણીમાં વિશેષ ઓફર રજૂ કરી




મુંબઈ

ટાટા ગ્રુપનાં ૧૫૦ વર્ષની ઉજવણી કરતાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ બિઝનેસે વિશેષ, લિમિટેડ ઓફરને ૨૫મી જૂન સુધી વિસ્તારી છે. ગ્રુપ-વાર ઉજવણી પ્રદર્શિત કરતાં આ આકર્ષક ઓફરમાં રૂ. ૧ લાખ★સુધી મૂલ્યના લાભો, રૂ. ૧★માં વીમાની જોગવાઈ અને વિશેષ એક્સચેન્જ બોનસ★ વગેરે ઘણી બધી આકર્ષક ડીલ્સમાં સમાવેશ થાય છે, જે સાથે આ ચોમાસામાં પહેલી વારના કાર ખરીદદારો માટે આકર્ષક પરિમાણ બને છે.વર્ષભર ટાટા મોટર્સે ગ્રાહકોની અપેક્ષાઓને પહોંચી વળવા માટે સતત ભાર આપ્યો છે અને તેમને કાર ખરીદી સમયે ખુશીનો અનુભવ આપે છે. અમારા ગ્રુપની ૧૫૦મી એનિવર્સરીના આ અભૂતપૂર્વ અવસરે અમે આ મહિને ઘણી બધી લાભદાયી ઓફરો આપીને અમારા ગ્રાહકોને ખુશીનું જોડાણ મજબૂત બનાવવા માગીએ છીએ.કંપની બ્લોકબસ્ટર તિયાગો અને તેની લેવલ નેક્સ કોમ્પેક્ટ એસયીવુ-ધ નેક્સન સહિત પ્રવાસી વાહનોની સંપૂર્ણ શ્રેણીમાં આ લાભો આપી રહી છે. ઘરઆંગણાની બજારમાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ બિઝનેસની નાણાકીય વર્ષ ૨૦૧૮ના અંતે ૨૨ ટકાની વૃદ્ધિ થઈ હતી, જ્યારે ઉદ્યોગની વૃદ્ધિ ફક્ત ૭ ટકા થઈ છે. મે ૨૦૧૮માં નોંધાવેલા વેચાણમાં ૬૧ ટકા વધાર સાથે મજબૂત વેચાણ કામગીરી સાથે નાણાકીય વર્ષ ૨૦૧૯માં વૃદ્ધિની આ ગતિ ચાલુ રહેશે.

## યામાહાએ પ્રિ-મોનસૂન ચેક-અપ કેમ્પનું આયોજન કર્યુ

દેશના કેટલાય ભાગોમાં ચોમાસાનું આગામન થઈ ચુકયું છે. તેને ધ્યાનમાં રાખીને ઈન્ડીયા યામાહા મોટર પ્રાઈવેટ લિમિટેડ એ દેશભરમાં તેની ડીલરશીપ પર 'પ્રિ-મોનસૂન ચેક-અપ' નું આયોજન કરેલ છે. જૂન ૨૦૧૮ માં આયોજીત આ પખવાડિયાના ચેક-અપ કેમ્પોમાં મોનસૂન (ચોમાસા) દરમ્યાન વ્હીકલ કેર (વાહનની સંભાળ) ને મજબૂત કરતું ફ્રિ ચેક-અપ ૧૪ આવશ્યક બિંદુઓ પર કરવામાં આવશે.

યામાહાના ટુ-વ્હીલર્સના ગ્રાહકો તેમના શહેરમાં નજીકની ડિલરશીપમાં આ '૧૪ આવશ્યક બિંદુ આધારિત ચેક-અપનો લાભ લઈ શકે છે અને સાથે સાથે હેલમેટ, અન્ય ઉપકરણો, પીરિયોડિક (સમયાંતરે) સર્વિસ લેબર ચાર્જ અને જેન્યુઈન પાર્ટસ (અસલ પૂર્જાઓ) પર આકર્ષક ડિસ્કાઉન્ટનો પણ લાભ લઈ શકે છે.

યામાહા મોટર ઈન્ડીયા સેલ્સ પ્રાઈવેટ લિમિટેડના સ્ટ્રેટજી એન્ડ પ્લાનિંગ સીનિયર વાઈસ પ્રેસીડન્ટ શ્રી રવિંદર સિંહ એ કહયું 'એક જવાબદાર ટુ-વ્હીલર નિર્માતા તરીકે કંપની સુરક્ષાના ઉચ્ચ માપદંડો સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે. યામાહાના વાહનોમાં ન્યુનતમ રિસ્ક ફિચર્સ (જોખમો) છે, અને આ ચેક-અપ કેમ્પ ચોમાસાની ઋતુમાં રાઈડિંગના અનુભવ વધારે સારો બનાવશે. વિશેષરીતે ચોમાસામાં સુરક્ષિત રાઈડિંગ અનુભવ યામાહા ટુ-વ્હીલરના ગ્રાહકોના સંતોષમાં બમણી વૃદ્ધિ કરશે.'

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**




# શેરબજાર જોખમી તબક્કામાં...!! ઉછાળે નફારૂપી વેચવાલી નોંધાશે...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૧૧.૦૬.૨૦૧૮ થી ૧૫.૦૬.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, ગત સપ્તાહે બેન્ક, રિયલ્ટી અને ઓટો વગેરે રેટ સેન્સિટિવ શેરોમાં આક્રમક લેવાલીને પગલે મ્જીઈ સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ્સ વધીને ટ્રેડ થઈ રહ્યો હતો જ્યારે નિફ્ટી ફ્યુચરએ ૧૦,૮૦૦ પોઈન્ટની સપાટી પાછી મેળવી હતી. આર.બી.આઈ એ ચાર વર્ષ બાદ વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યા બાદ શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. આ રેલી વધુ આગળ વધી હતી. એશિયાના અન્ય બજારોમાં પોઝિટિવ વલણ અને સ્થાનિક સંસ્થાગત રોકાણકારોની ભારે લેવાલીને પગલે શેરબજારમાં તેજી આગળ વધી હતી.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

વિશ્વ બેન્કના અંદાજ મુજબ ભારતીય અર્થતંત્ર ચાલુ વર્ષે ૭.3%ના દરે વૃદ્ધિ સાધશે. આગામી બે વર્ષમાં સ્થાનિક અર્થતંત્રની વૃદ્ધિનો દર ૭.૫% રહેવાનો અંદાજ છે. ભારતનું અર્થતંત્ર મજબૂત છે અને તે સાતત્યપૂર્ણ વૃદ્ધિ દર્શાવી શકે તેમ છે. ભારતની વૃદ્ધિ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં ૭.3% અને ૨૦૧૯-૨૦માં ૭.૫%ના દરે રહેવાનો અંદાજ છે. આ બાબત ખાનગી ક્ષેત્રના વપરાશમાં વૃદ્ધિ અને રોકાણ વધવાનો સંકેત આપે છે. ૨૦૧૮માં સાઉથ એશિયાની વૃદ્ધિ ૬.૯% અને ૨૦૧૯માં ૭.૧% રહેવાનો અંદાજ છે. "વિશ્વના અગ્રણી ઊભરતા અર્થતંત્રોમાં ભારતે સૌથી ઝડપી વૃદ્ધિનું સ્થાન જાળવ્યું છે." ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી ૨૦૧૮થી ભારતની વૃદ્ધિના અંદાજમાં કોઈ ફેરફાર થયો નથી.ચીનની આર્થિક વૃદ્ધિ ૨૦૧૭ના ૬.૯%થી ઘટીને ૨૦૧૮માં ૬.૫%, ૨૦૧૯માં ૬.3% અને ૨૦૨૦માં ૬.૨% થવાનો અંદાજ છે. ભારત લગભગ ૭% આર્થિક વૃદ્ધિની સંભાવના ધરાવે છે અને હાલ તે સંભાવના કરતાં ઊંચા દરે વિકાસ સાધી રહ્યું છે. જેનું મુખ્ય કારણ ક્રૂછ સરકારના આર્થિક સુધારા અને રાજકોષીય પગલાં છે. ભારતના વૃદ્ધિદર અંગે "ભારતનું પ્રદર્શન સારું રહ્યું છે. વૃદ્ધિ ઝડપી છે અને રોકાણવૃદ્ધિ ઊંચા દરે છે. વપરાશ મજબૂત રહ્યો છે. તમામ અગ્રણી ઊભરતા બજારોમાં ભારત ઝડપથી વધતું અર્થતંત્ર છે. તમામ ઊભરતા બજારો વૈશ્વિક આર્થિક ઘટનાક્રમને લીધે કેટલાંક જોખમોનો સામનો કરી રહ્યા છે. જેમ કે, વૈશ્વિક અર્થતંત્રમાં અચાનક નાણાંની ચુસ્ત સ્થિતિ ઊભી થાય તો ઊભરતા બજારો પર તેની અસર થઈ શકે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૯૦૪.૮૫ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૯૬૨૦.૫૬ કરોડની વેચવાલી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૨૩૫૯.૭૧ કરોડની વેચવાલી તેમજ ૦૬ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૯૧૨.૩૨ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮

કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૬૬૩.૮૮ કરોડની ખરીદી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૫૦૫૪.૪૮ કરોડની ખરીદી તેમજ ૦૬ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૧૨.૨૦ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, કોર્પોરેટ રિઝલ્ટ સિઝન પૂરી થઈ છે, જે બજારની ધારણા કરતા નીચી રહી છે. બજારના રોકાણકારો હવે ક્રૂડ ઓઈલના ભાવ, ડોલર સામે રૂપિયાની ચાલ અને રાજ-કોષીય ખાધ જેવા આર્થિક પરિબળો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. બીજી તરફ સતત ત્રીજા વર્ષે સારા ચોમાસાની આગાહી અને ૨૦૧૭-૧૮ના ચોથા ક્વાર્ટરમાં આર્થિક પ્રવૃત્તિમાં વધારો જેવા સાનુકુળ પરિબળોથી ભારતમાં કન્ઝમ્પશન સ્ટોરીને વેગ મળ્યો છે.૨૦૧૭-૧૮ના ચોથા ક્વાર્ટરમાં જીડીપીમાં ૭.૭%ની મજબૂત વૃદ્ધિ થઈ હોવા છતાં વૈશ્વિક બજારના મિશ્ર સંકેતથી સ્થાનિક બજાર નકારાત્મક વલણ સાથે બંધ આવ્યું હતું. મુખ્ય સૂચકાં-કો સ્થિર રહ્યા હતા તથા લાર્જ કેપ શેરો અને વપરાશલક્ષી શેરો માટે હકારાત્મક વલણ રહ્યું છે. ઊંચા વેલ્યુએશન અને અર્નિંગમાં ઘટાડાની ધારણાએ મિડ કેપ અને સ્મોલ કેપ શેરો ખરાબ દેખાવ કરી રહ્યા છે. અર્નિંગ ગ્રોથના અભાવ અને પ્રીમિયમ વેલ્યુએશન ભારતના બજાર માટેનો મુખ્ય પડકાર છે. વધતા જતાં વ્યાજખર્ચથી આર્બિટ્રેજને અસર થઈ છે, જ્યારે કંપનીઓના ધારણા કરતા ખરાબ રિઝલ્ટથી વેલ્યુએશનમાં ડાઉનગ્રેડનો ટ્રેન્ડ છે. ચાલુ વર્ષ માટે કન્ઝમ્પ્શન મુખ્ય થીમ છે. ચોમાસાનો સારો પ્રારંભ થયો છે તેનાથી કન્ઝમ્પ્શન આધારિત સ્ટોરી અને ગ્રામીણ અર્થતંત્ર માટે બજારના આશાવાદમાં વધારો થશે. સરકાર કૃષિ અને તેના સંબંધિત ક્ષેત્રો પર ભાર મૂકી રહી છે. દેશમાં સતત ત્રીજા વર્ષે સારા ચોમાસાની ધારણા છે. તેનાથી દેશના જીડીપીમાં આશરે ૪૫ % હિસ્સો આપતા ગ્રામીણ અર્થતંત્રને મોટો ફાયદો થવાની ધારણા છે. પ્રીમિયમ વેલ્યુએશન, વૈશ્વિક ફંડ્સમાં ફેરફાર અને રાજકીય જોખમને કારણે ભવિષ્યમાં વોલેટિલિટી વધવાની ધારણા છે. સેબીના આદેશ મુજબ મ્યુચ્યુઅલ ફંડ્સમાં ફેરફારની કામગીરી પૂરી થયા બાદ મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં કોન્સોલિડેશનની પ્રક્રિયા પૂરી થશે. બીજી તરફ વેલ્યુએશન વધુ વ્યાજબી બને અને વૈશ્વિક બોન્ડની યીલ્ડમાં સ્થિરતા આવે ત્યારે એફઆઈઆઈની વેચવાલી પણ અટકી જશે. બજારની વ્યાપક ધારણાથી વિરુદ્ધ રિઝર્વ બેન્કે વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યો છે અને તેના ન્યુટ્રલ વલણને જાળવી રાખ્યું છે. બજારને આક્રમક વલણ સાથે વ્યાજદરમાં યથાવત સ્થિતિની ધારણા હતી. બજારને ભવિષ્યમાં વ્યાજદરમાં વધારાની ધારણા હતી. આની જગ્યાએ રિઝર્વ બેન્કે અગાઉથી પગલાં લઈને અનિશ્ચિતતાને દૂર કરી છે. ટૂંકા ગાળામાં બોન્ડ અને ઈક્વિટી માર્કેટ્માં થોડી રાહતની આશા રાખી શકીએ છીએ. તેનાથી વ્યાજસંવેદી શેરોને હકારાત્મક અસર થશે. ભવિષ્યમાં વ્યાજદરનો ટ્રેન્ડ નિર્ધારિત કરતાં પરિબળોમાં ફુગાવાનો દર, ક્રૂડ ઓઈલના ભાવ અને વૈશ્વિક બોન્ડની યીલ્ડનો સમાવેશ થાય છે. હાલમાં આ ત્રણેયમાં વધારાનો ટ્રેન્ડ છે.

બાકી મારા મતે " તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર "...કેમ ખરું ને ....!!!

મિત્રો ખેર હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૦૪/૦૬/૨૦૧૮ ના રોજ ૧૦૭૩૨ પોઈન્ટ ખુલીને ૧૦૫૫૨ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૮૧૪ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૬૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૫૪ પોઈન્ટના ઉછાળે ૧૦૭૩૮ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૦૪/૦૬/૨૦૧૮ ના રોજ ૨૬૮૯૦ પોઈન્ટ ખુલીને ૨૬૦૭૯ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૮૯૯ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૮૨૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૩૬ પોઈન્ટના ઘટાડે ૨૬૪૩૨ પોઈન્ટ બંધ થયેલ...!!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૭૩૮)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૭૧૭ પોઈન્ટથી ૧૦૭૦૭ પોઈન્ટ, ૧૦૬૮૮ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૬૪૩૨)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૬૫૦૫ પોઈન્ટથી ૨૬૫૩૩ પોઈન્ટ, ૨૬૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ ( ૧૦૩૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૦૦૮ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૫૩ થી રૂ.૧૦૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) **HCL** ટેકનોલોજી ( ૯૨૯ ) :- આ સ્ટોક રૂ.૮૯૮ નો પ્રથમ તેમજ રૂ.૮૮૦ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૯૪૪ થી રૂ.૯૬૦ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) ટાઈટન કંપની લિમીટેડ ( ૮૯૪ ) :- ૭૫૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૮૭૦ નો પ્રથમ તેમજ રૂ.૮૪૮ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક એપેરલ્સ અને એસેસરીઝ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૯૦૯ થી રૂ.૯૧૯ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) ડો. રેડી ( ૨૦૫૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૦૮૮ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૨૦૯૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૨૦૩૭ થી રૂ.૨૦૧૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૨૧૧૦ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) ઈન્ડીગો ( ૧૧૬૯ ) :- રૂ.૧૧૯૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૧૧૫૭ થી રૂ.૧૧૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૧૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) ટાટા સ્ટીલ ( ૬૦૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૧૬ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૬૨૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૫૮૮ થી રૂ.૫૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૬૩૦ ઉપર પોઝીટ-ીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) ગ્રેફાઈટ ઈન્ડિયા ( ૮૪૩ ) :- ગ્રેફાઈટ સ્પેશ્યાલીટી પ્રોડક્ટ્સ સેક્ટરની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૨૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૦૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૬૮ થી રૂ.૮૮૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) ખાદીમ ઈન્ડિયા લિમિટેડ ( ૭૭૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૭૮૮ થી રૂ.૭૯૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) ગોદરેજ અગ્રોવેટ લિમીટેડ ( ૬૬૦ ) :- રૂ.૬૩૩ નો પ્રથમ તેમજ રૂ.૬૨૬ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૬૭૬ થી રૂ.૬૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) કલ્પતરુ પાવર ( ૪૪૦ ) :- ઈલેક્ટ્રિકલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૧૭ થી રૂ.૪૬૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૪૭૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) યૂનીપ્લાય ઈન્ડસ્ટ્રીઝ ( ૪૦૫ ) :- રૂ.૩૮૮ નો પ્રથમ તેમજ રૂ.૩૭૩ ના સ્ટોગ સપોર્ટથી એગ્રો સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૪૧૭ થી રૂ.૪૨૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) સલાસર ટેકનો ( ૩૪૩ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૩૨૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૩૫૭ થી રૂ.૩૬૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ન્યુજેન સોફ્ટવેર ( ૨૫૮ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૨૪૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૨૬૭ થી રૂ.૨૭૪ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) એગ્રી – ટેક ઈન્ડિયા ( ૧૨૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એગ્રી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૬ આસપાસ રોકાણકારે રૂ.૧૦૮ થી રૂ.૧૩૪ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) અલ્ટ્રાકેબ ઈન્ડિયા લિમીટેડ ( ૮૫ ) :- ઈલેક્ટ્રિક સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૯૧ થી રૂ. ૯૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) હિસાર મેટલ ( ૭૧ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે સ્ટીલ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૬૩ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૭૬ થી રૂ.૮૦ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) ડેલ્ટા મેગ્નેટ્સ ( ૬૧ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩ નો પ્રથમ તેમજ રૂ.૪૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ઈલેક્ટ્રિક સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૬૬ થી રૂ.૭૨ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) શિવા મિલ્સ ( ૫૪ ) :- રૂ.૪૭ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૬૦ થી રૂ.૬૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૪ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૬૮૮ થી ૧૦૮૦૮ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...



## કેપ્સુલ

ટ્રાફીક પોલીસ : ભાઈ ટ્રાફીક રૂલ તોડયો છે ચલણ બનાવવું પડશે તમારૂં નામ શું ?

વિદેશી : વિલહૈમ વોનકોરગ્રીન્સ્કી.

ટ્રાફીક પોલીસ : આ વખતે તો છોડી દઉં છું ફરી આવી ભુલ ના કરતા.. હવે જાવ..

○○

મંજુબેન : અંજુ સાંભળી લે તું મારા વરને ફસાવીશ તો એક વાર તો માફ કરી દઈશપણ..

અંજુ :પણ શું ?

મંજુ : મારી કામવાળીને ભરમાવવાનો પ્રયાસ કર્યો તો તારૂં ધનોતપનોત કાઢી નાખીશ સમજી..

○○

બસમાં બેઠેલા એક મુસાફરે બારીમાંથી બહાર જોઈને પુછયું ભાઈ આ કયું શહેર છે ?

બસ સ્ટેન્ડ પર ઉભેલા છોકરાએ તેને કહ્યું, અમે તારા નોકર નથી નીચે ઉતરીને જોઈ લે.. બસ સ્ટેન્ડ પર લખેલું છે કે સુરાણા છે.

○○○

નાથાલાલ : હે રઘલા ! આ બધી સ્ત્રીઓ આટલી બધી વાર બ્યુટીપાર્લર કેમ જતી હશે ?

રઘલો :કાકા ! આપણાં વાહનો જેમ જેમ જુનાં થતા જાય તેમ તેમ ગેરેજમાં મોકલવા પડે છે ને તે રીતે..

**સુંડાજી ઠાકોર (સુરાણા)**

○○○○

# થ્યું.. હવે બઉં..

**કંઈક નરમ કંઈક ગરમ** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

બઉં થ્યું હવે.. એટલે કે હવે ખુબ થયું.. કાંઈક બીજું કરો.. કહો.. કારણ કે આજે બઉં થ્યું થી લોકો ઉબાઈ ગયા છે, અકળાઈ ગયા છે.. રાજકારણીઓની કાંઈક બાલીશ કંઈક બોગસ વાતોથી કાન પાકી ગયા છે. મારા જેવાને તો થાય છે એ બધાંને છાણવાળા કંઈક ગંધાતા બુટે બુટેથી માર્યા હોય તો મજા પડી જાય.. એકલો માર ખાય અને ગંધાતું છાણ એમના કપડા પર લાગે.. મારી જેમ ઘણાને એમને મારવાની ખંજવાળ આવતી હશે પણ કાયદો છે. દેશમાં પોલીસ તંત્ર છે, ન્યાયતંત્ર છે એટલે લોકોના હાથ બંધાયેલા છે નહીં તો એક એકના હાથ છુટી જાય તો ગલત આચરણ કરનારનું આવી બને. જે માર પડે.. પડે એટલે સીધા દોર થઈ જાય. મારા જેવા કોઈ લેખકને બઉં થ્યું કહેવાનો.. લખવાનો મોકો ન આવે.. જોકે મારા એક મિત્રે મને જુનો બુટ અને છાણાવાળા બુટથી મારવા મામલે પુછયું હતું.. મને જવાબ આપતાં એક અડચણ થયેલી પણ ફટ કરતાંક કહી દીધું હતું બુટ પગમાં પહેરેલો હોય એટલે..

પણ જો પગમાં સ્લીપર કે ચંપલ હોય તો શાના વડે મારો.. મને પુછેલું મને એ ટાણે એવો ઝાટકો લાગેલો આ પૃથ્વી ગોળ છે કે ચોરસ ? શા માટે આવા ખરા ખોટા ચતુરીયા આવા પ્રશ્નો પુછતા હશે ?

પણ આઝાદીના આટલા બધા વર્ષે બઉં થ્યું.. કહેવાનો સમય આવી ગયો છે, પાકી ગયો છે.. હવે ખમૈયા કરો. .કંઈક સારૂં કરો.. લોકો ઘડપણમાં સારાં કામ કરતા હોય છે. .એટલે કે ઘૈડો સુધરી જાય છે. આપણી આ આઝાદી પણ ઘૈડી થઈ ગઈ છે. ઘૈડી થઈ ગઈ છે એટલે લાકડી લઈ લે એવું નથી. બાકી દેશમાં કયાંકને કયાંક લાકડીઓ, રોજે રોજ લેવાય છે અને પોલીસની કામગીરી વધી પડી છે. અદાલતો તો પહેલેથી જ ભરચક છે. તેથી જ કહું છું હે લાકડીઓ લેનારા.. મારનારા બઉં થ્યું. જરા અટકો..

હમણાં બાઈક પર એક પોલીસવાળો જતો હતો. એના બાઈકની એક બાજુ લાકડી ભરાવી હતી. એજ એની ઓળખ હતી. બાકી હતું તે માથે હેલ્મેટ ન હતી. લોકો જો માથે હેલ્મેટ ન પહેરે તો મેમા આવે પણ જ્યાં રક્ષક જ રેખા પાર કરતો હોય તો ? પોલીસ વડા કે ગૃહમંત્રી કાયદો તોડનારને બક્ષવામાં નહીં આવે એમ ગળાને ખોંખારીને બોલે છે. અખબારોમાં નિવેદન આપે છે પછી શું થાય છે ? એ રામ જાણે પણ..

પણ બાઈક પર પસાર થતા એ ભાઈને આગળ વાળાએ જવા ન દેતાં એક તો આ ઉનાળો અને ૪૩ ડીગ્રી ગરમી. રોડ ગરમ હવામાન ગરમ.. સુરજ ગરમ અને બાઈકવાળા એ પોલીસ ગાળોનો કુબેર ભંડાર ખોલી.. વાડીએ વાડી રીંગણા લઈને બદલે.. ભંડાર રે ભંડાર.. દઉં બે ચાર ગાળ...

ના.. બે ચાર શું કામ ઠોક બરાબર ને એ બાઈકવાળા એ આગળ વાળાનેકે જે જવાનો રસ્તો આપવો ન હતો એને ઠોકી દીધી.હવે કહો કે જ્યાં રક્ષકો જ પાસે રહેલું હથિયાર ઉઠાવે ત્યારે બઉં થ્યું. કહેવાનો સમય આવી ગયો છે કે નહીં ? અન્યનું છોડો આપણું વિચારો આપણી તો ઘણી બાબતોમાં કહેવાનો સમય આવી ગયો છે.

દેશમાં અવારનવાર ચૂંટણીઓનો સદા કાળ માહોલ હોય છે. કયાંક વિધાનસભાની તો કયાંક લોકસભાની અને નગરપાલિકાની ચૂંટણીઓ.. આ સિવાય પણ અનેક પ્રકારની ચૂંટણીઓ જતી આવતી રહે છે. એમાંની કંઈક અમુક જાહેર જનતા સાથે સંકળાયેલી હોય છે. તો કેટલીક ક્ષેત્ર પુરતી. ખેર એ વખતે વિકાસની એટલી બધી વાતો થાય છે.. સંભળાય છે કે કાન પાકી જાય.. ત્યારે પ્રશ્ન એ થાય કે વિકાસ થયો છે તો કોનો ? દેશનો કે દેશમાં વસતા નાગરિકોનો કે પછી દેશનેતાઓ.. એમના પરીવારોનો.. આવી વિકાસની કંઈક વાતો કરનારાઓ બઉં થ્યું. નદીઓનાં પાણી ફુંકાઈ ગયા અને કુવાનાં તળ ઉંડા થયાં.. તો તળાવના પથ્થરો દેખાયા.. અને નહેરો કચરા નહેર બની. આને વિકાસ કહો છો.. બાપલયા ઘરડી આઝાદી અને લોકશાહીમાં ખુબ થ્યું.. હવે ખમૈયા કરો.. કાંઈક હકીકતમાં વિકાસ રજુ કરો તો વાત કંઈક જાગે..

વાત વાતમાં બાપુના સત્ય અને વળી ધરણાંની બાબતે બઉં થ્યું. બાપુ તો સત્યનો એક સાક્ષાત અવતાર હતા. સત્ય ખાતર જાતનું પણ બલીદાન આપવા તૈયાર હતા. આજે સત્યની જુઠી બોગસ વાતોની ભરમાર છે અને બલિદાન આપવાનું આવે તો તું આપ.. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો અંગમાં ચિન્હ દેખાડે

ઘણી વ્યક્તિઓને જન્મની નિશાની શરીર ઉપર હોય છે. જેમ કે તલ, મસા, વાગેલા જેવી નિશાની કે અન્ય કોઈ દાગ જોવા મળતા હોય છે અને તે વ્યક્તિને ચોક્કસપણે તેના જન્મ વખતે અમુક જગ્યાએ અમુક ગ્રહ કુંડળીમાં હશે અને કુંડળી ઉપરથી ફલીત થાય કે આ ગ્રહના કારણે અમુક ભાગમાં નિશાની હશે.




કેવા ગ્રહો પેટની ડુંટી ઉપર નિશાની બતાવે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં આઠમા ભાવમાં સુર્ય, નવમા ભાવમાં શુક્ર અને દશમા ભાવમાં શની ગ્રહ હોય તો પેટમાં ડુંટી પાસે કોઈ પણ પ્રકારની નિશાની હોય છે.

દ્રષ્ટાંતકુંડળી :

અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં આઠમા ભાવમાં સૂર્ય, નવમા ભાવમાં શુક્ર અને દશમા ભાવમાં શની રાહુ છે જે પેટની ડુંટી પાસે કોઈપણ નિશાન હોઈ શકે છે.

નોંધ : શનિ રાહુનો સાપીત દોષ બનતો હોઈ તેની વિધિવિધાન કરવું અથવા દાનપૂર્ણ પશુ પંખીને ચારો કે દાણા નાખવાની સલાહ છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# વિલક્ષણ પ્રતિભા ધરાવતા જીવજંતુઓ

**અજબ ગજબની દુનિયા** — **કમલેશ કંસારા**

માનવી પોતાના વિવેક તથા બળ, બુધ્ધિ દ્વારા જયાં પ્રત્યેકને અસંભવને સંભવ બનાવી દે છે. ત્યાં અબોલ ગણાતા જીવજંતુઓ પણ કોઈનાથી ઓછા નથી. એમનામાં પણ એવી વિલક્ષણતા જોવા મળે છે જેને જોતાં જ આપણે દાંતે વચ્ચે આંગળી દબાવવાને માટે મજબુર બનીએ છીએ.

પ્રસિદ્ધ રૂસી લેખક રોમન મોલ્કાનોવ રૂસના યુક્રેન પ્રાંતના નિકોયાલેત નગરમાં આવેલ એક ત્રણ માળના મકાનના રહેવાસી હતા.એમની પાળેલી બિલાડી ભુરી પણ એમની સાથે રહેતી હતી. ભુરી સાથે મોલ્કાનેવને ઘણું બનતું હતું. તેઓ બંને સાથે જમતા અને ફરવા પણ જોડે જ જતા હતા.

એક વખત ભુરી અને મોલ્કાનેવ બહાર ફરવાને માટે સાથે નીકળ્યો.થોડેક દુર ગયા બાદ ભુરી મોલ્કાનેવના ખભા પર ચઢી ગઈ. પછી પાછી નીચે જમીન પર ઉતરી જતી.આમ મજાક મસ્તી કરતાં બંને ચાલ્યા જતા હતા. મોલ્કાનેવ ઘેર પાછા ફરતા ત્યારે બિલાડી ભુરી કયાંક બહાર જતી રહેતી અને બીજા દિવસની સવારે તે પાછી ફરતી. એનો બીજા દિવસની સવારે તે પાછી ફરતી. એનો અવાજ સાંભળીને મોલ્કાનેવ દરવાજો ખોલતો પછી બંને જણા સાથે ચા નાસ્તો કરતા. આવું દરરોજ બનતું હતું એક દીવસ જ્યારે ભુરી લેખકને રસ્તામાં છોડીને સ્વયં કયાંક ફરવાને માટે ચાલી ગઈ. લેખકે સમજી લીધું કે સવાર પડતાં તે ઘેર પાછી આવી જશે. પરંતુ જ્યારે તેઓ પોતાના ઘેર પાછા ફર્યા ત્યારે ભુરી ત્યાં પહોંચી ગઈ હતી. અર્ધી રાત્રે જ્યારે ભુરી મ્યાઉં.. મ્યાઉં બોલવા મોલ્કાનોવે પોતાના ઘરની લાઈટ ચાલુ કરી ત્યારે એમણે જોયું તો ભુરી બહાર જવા માગતી હતી. મોલ્કાનોવે બહાર વરસાદ પડતો હોવાથી દરવાજો ના ખોલ્યો. ભુરી લગાતાર ચીસો પાડવા માંડી. છેવટે મોલ્કાનોવે દરવાજો ખોલ્યો પરંતુ ભુરી બહાર ના ગઈ. ભુરીની બેચેની વધતી ગઈ તે રૂમમાં આમતેમ ફરવા લાગી. મજબુરીથી મોલ્કાનોવે પલંગ પરથી નીચે ઉતર્યા અને ભુરી પાસે આવ્યા. ત્યાં અચાનક પલંગ પરની છત તુટીને પ્લાસ્ટરના ટુકડા પલંગ પર પડયા. કૃતજ્ઞતાથી ભુરીની તરફ લેખકે જોયું પરંતુ તે બહાર જતી રહી. સન ૧૯૧૭ ની ઓકટોબરની ક્રાંતિ પહેલાં એક વિશેષ પ્રજાતિનો કુતરો તેફે લગભગ ૯૦-૧૦૦ જેટલા અપરાધીઓને પકડવામાં ઉલ્લેખનીય મદદ કરી હતી.

આ તો કુતરાની સામાન્ય વાત કહી પરંતુ કુતરા દ્વારા અસલી નકલીની પણ ઓળખ થઈ શકે છે. મોસ્કોનો વિશ્વ પ્રસિદ્ધ કુતરો દીવા પોતાની રીતે એક વિલક્ષણ પ્રતિભાનો સ્વામી હતો. અસલી અને નકલી બે પ્રકારની કરન્સી નોટ જો એની સામે મુકવામાં આવે તો તે અસલી નોટને મોંમાં દબાવી દેતો હતો. આ પ્રકારે સોનાની ધાતુની બનેલ વસ્તુઓની અસલી નકલી ઓળખ પણ કરતો હતો.

ડોબરમેન પિશર જાતિનો આ કુતરાનો માલિક લેકસાદ તરીયા કોવસ્કીનું કહેવું છે કે આ કુતરો માત્ર અસલી નકલીની ઓળખની ક્ષમતા તો ધરાવે છે પરંતુ લોકોના હાવભાવ પણ ઓળખે છે. વીસમી શતાબ્દીમાં મધ્ય અમેરીકાના વર્જીનીયા પ્રાંતમાં એક ઘોડી થઈ ગઈ. જે પરાશક્તિની માલિક હતી. લેડીવંડર નામની આ વિલક્ષણ ઘોડીની એ ક્ષમતાનો પરિચય શ્રી અને શ્રીમતી ફોંડાને ત્યારે ખબર પડી જ્યારે ત્રણ વર્ષની ઉંમરમાં

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ખુન અપના ગીરે... યા ઔરોં કા.. નસ્લે આદમ કા ખૂન હૈ...

**દેખ કબીરા** — **હંસામૃત વાલમીયા**

છરી, ચપ્પા, તલવાર, ભાલા, બરછી, બંદુક, બોમ્બ હાઈડ્રોબોમ્બ, બ્લાસ્ટ બોમ્બ, પેટ્રોલ બોમ્બ, સેલ્ફ કીલર બોમ્બ, હેન્ડ ગ્રેનેડ, બોમ્બ આવા અનેક નામી અનામી હથિયારો શું માનવજાત માટે હ્યુમન કીલર વેપન્સ નથી ? દેખ કબીરા.. અખબારના પાને એકાદ શાહી સુકાઈ નથી ત્યાં ખુલ્લેઆમ સરેઆમ રસ્તા પર છરાના ઘા કરવા, ગળાકાપ સ્પર્ધા અને લાશોના ઢગલા કરવા, આવી અમાનવીય ઘટનાઓના પગલે લોકતંત્રની કયાંય ઉંઘ ઉડતી નથી.

માનવી માનવીનો હત્યારો બની જાય.. માનવીના પેટમાં ગળામાં છરો ભોંકાય ત્યારે બીજો માનવી દ્રષ્ટા બનીને જોઈ રહે, કોઈનું નજીકમાં ખુન થાય ત્યારે કોઈની તાકાત નથી એ ખુનીના હાથમાંથી હથિયાર છીનવી લે.. કારણ આપણે એવું માની બેઠા છીએ, વ્હોટ અવર ફાધર્સ ગોઝ ??? આ સૂત્ર માટે પેલા ઉર્દુ શાયરને કવિતા લખવી પડી. જંગ મશરીક મેં હો યા મગરીબ મેં..

નસ્બે આદમ કા ખુન હૈ.. યારો.. ખુન અપના ગીરે યા ગૈરોં કા નસ્લે આદમ કા ખુનત હૈ યારો.. દેખ કબીરા..માણસાઈના દીવામાં તેલ ખુટી ગયું છે. માનવી માનવીના શત્રુ થઈને દોડયા કરે છે. લોહીનો તરસ્યો માનવી કયાં જઈને અટકશે ??

આ આર્ટીકલ પહેલાં એક પ્રસંગ મને યાદ આવે છે અમદાવાદથી મુંબઈની ટ્રેઈનમાં જઈ રહ્યો હતો. મુંબઈ સાથે થોડું સાડા ત્રણ દાયકાનું વળગણ છે સવારની ટ્રેઈનમાં મોટા ભાગે પેલા ડેઈલી અપડાઉનવાળા અને કોલેજીયનો લગભગ સુરત સુધી જતા આવતા મુસાફરો જોવા મળે છે. મારી ટીકીટ લગભગ નવ્વાણું ટકા રીઝર્વેશન હોય છે છતાં આપણા દાદાગીરી કરનારા યાત્રાળુઓએ આરક્ષિત સીટો ઉપર સવાર થઈ જતા જોવા મળે છે. દેખ કબીરા.. અમારા કંપાર્ટમેન્ટમાં વિન્ડો સીટ નજીક નડીયાદથી વડોદરા કોલેજની કેટલીક યુવાન છોકરીઓ ઉભી હતી. નિરાંતે રેલ્વે ટ્રેઈન દમ લઈ રહી હતી.

આણંદ સ્ટેશનેથી પંદરેક યુવાન કોલેજીયનો આ ડબામાં ચડી બેઠા.. પેલી છોકરીઓ સાથે ધક્કામુક્કી કરીને એ દાદાગીરી કરી અંદર આવી ગયા.. દેખ કબીરા..

સાણંદથી અંકલેશ્વર આવતાં કેટલીક કોલેજીયન છોકરીઓ સાથે પેલા છોકરાઓએ પજવણી શરૂ કરી. છોકરીઓ પાંચ હોય કે પંદર પણ આખરે બિચારી બાપડી થઈને ઉભી રહે.. કારણ લુખ્ખા મવાલી તત્વોનું જોર વધતું જાય છે, છોકરીઓ શર્મનાક રીતે ઉભી રહી. છતાં છોકરાઓની હરકતો ચાલુ રહી. બધા જ પેસેન્જરો દ્રષ્ટા થઈ પેલી દ્રૌપદીઓ સમક્ષ જોઈ રહ્યા. પણ કોઈની તાકાત નથી એ લુખ્ખા વિદ્યાર્થીઓને રોકી શકે.

કહેવત મુજબ નિર્બલ કે બલરામ.. આ બધું દ્રશ્ય એક પંજાબી છોકરો જોઈ ગયો. તેનું લોહી ઉકળી ગયું. કારણ એ ગુરૂ ગોવિંદસિંહની ભૂમિનો હતો. છોકરીઓની પાસે જઈ ઉભો રહ્યો. તેને જોઈને છોકરીઓની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેતો થયો.. એ બિચારો બિયાંનસીંઘ તરત જ પોતાની પેન્ટનો બેલ્ટ કાઢીને દસેક જેવા છોકરાઓને ધડાધડ દેવાવાળી શરૂ કરી.પાણી જેમ પોતાનો રસ્તો કરી લે તેમ એ છોકરાઓ ટપોટપ પલાયન થઈ બીજા ડબ્બામાં ચાલ્યા ગયા. બધી કોલેજીયન છોકરીઓએ પેલા પંજાબી છોકરાંને નમસ્કાર કર્યા અને આશીષ આપ્યા. 'ભગવાન આપનું ભલું કરે' બસ એટલામાં અંકલેશ્વર આવી ગયું.. સીઝન ટીકીટવાળા ટપોટપ ઉતરવા માંડયા.. પેલા છોકરા બિલ્લીની જેમ દોડતા થઈ ગયા.. દેખ કબીરા..

સ્ત્રી સશક્તિકરણની મિશાલ સારી છે, સાચી છે પણ એમાં અમલીકરણ કેટલું ? મોટા શહેરોમાં ધુળેટીના રંગ છાંટવાના બહાને સ્કૂટર ઉપર જતી છોકરીનું જીસ્મ સરેઆમ લુંટાય ત્યાં સુધી કોઈ એકશન રીપ્લે જણાતું નથી. તંત્ર માત્ર એક જ અવાજ કરે છે જરૂરી પગલાં લઈશું અને ગુનેગારોને શિક્ષા કરીશું આવા સાવ હમ્મબગ વિચારો નારીને કયારે બચાવશે ?? દેખ કબીરા..

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરીએ અને બીજી તરફ નારીનું યૌન શોષણ થાય અને એ પણ રાજકીય માણસો મારફત એ કયાં સુધી સહન કરાય ? નારી સાથે દુષ્કર્મ થાય અને એ પણ સામુહિક દુષ્કર્મ કયાં સુધી ચલાવી લેવાય ? મૈથીલીશરણ ગુપ્તજીની રચના આવા સમયે કામયાબ નીવડતી જણાય છે.. 'નારી તેરી યહી કહાની, આંચલ મેં દુધ ઔર આંખો મેં પાની..'

બસ આ તબક્કે હેપી વુમન્સ ડે.. ઓકે..

**ડૉ. બી.પાટણવાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# રણવીર અને સારાની ફિલ્મ સિમ્બાનુ શુટિંગ શરૂ

સુપરહિટ ફિલ્મ પદ્માવત મારફતે તમામને પ્રભાવિત કરનાર રણવીર સિંહ હવે વધુ એક મોટી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. એક્શન ફિલ્મના નિર્દશક રોહિત શેટ્ટી દ્વારા પોતાની મહત્વકાંક્ષી ફિલ્મ સિમ્બા માટેનુ શુટિંગ શરૂ કરી ચુક્યા છે. આ ફિલ્મમાં રણવીર સિંહ એક પોલીસ અધિકારીની ભૂમિકામાં નજરે પડનાર છે. તેની સાથે અભિનેત્રી તરીકે સારા ખાનને લેવામાં આવી છે. સારા ખાન હાલમાં કેટલીક ફિલ્મ કરી રહી છે. જો કે તેની પ્રથમ ડેબ્યુ ફિલ્મ કઈ રહેશે તે અંગે હજુ સુધી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. ફિલ્મનુ શુટિંગ હૈદરાબાદમાં રામોજી ફિલ્મ સિટી ખાતે શરૂ કરવામાં આવ્યુ છે. ત્યારબાદ આગામી બે મહિના સુધી સતત દેશના જુદા જુદા ભાગોમાં શુટિંગ કરવામાં આવનાર છે. રોહિત શેટ્ટીએ શુટિંગ શરૂ થતાની સાથે જ રણવીર અને સારાના લુકને જારી કરીને વધારે માહિતી આપી છે. રોહિત શેટ્ટીએ ફિલ્મના સંબંધમાં લુક જારી કરીને માહિતી આપી હતી. લુકમાં કરણ જોહર પણ નજરે પડે છે. કરણ જોહર ફિલ્મના નિર્માતા તરીકે છે. બન્ને લીડ કલાકારોના લુકને કેટલાક અંશે રેટ્રો સ્ટાઈલમાં રાખવામાં આવ્યો છે.તમામ લોકો સારી રીતે જાણે છે કે ફિલ્મ તમિળ ફિલ્મ ટેંપર પર આધારિત છે. રણવીર અને સારાની જોડીને લઈને ઉત્સુકતા વધી ગઈ છે. રોહિતે રવિવારના દિવસે એક વિડિયો શેયર કરીને પણ માહિતી આપી હતી. જેમાં તે પોતાની ફિલ્મના ડાયલોગ બોલતા નજરે પડે છે. સારા હાલમાં કેદારનાથ નામની ફિલ્મ પણ કરી રહી છે. કેદારનાથમાં તે સુશાંત સિંહ રાજપુત સાથે નજરે પડનાર છે.સિમ્બા આ વર્ષના અંત સુધી ડિસેમ્બરમાં રજૂ કરાશે.

# મોદી સરકારના ચાર વર્ષના શાસનમાં દેશની જનતાને ફાયદો કે નુકશાન ?

**દ્રષ્ટીકોણ** — **ચંદ્રશેખર ત્રિવેદી**



એક હકીકત છે કે 'કાશ્મીર' સમસ્યા બાબતે કેન્દ્રની મોદી સરકાર કંઈ જ ઉકાળી શકી નથી. હાલમાં કાશ્મીરમાં જે પ્રશ્નો સર્જાય છે તેના પરથી ચોક્કસ એવું લાગે છે કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ રહેશે નહીં, વર્ષોથી આ વાત સાંભળતા આવ્યા છીએ પરંતુ હવે કાશ્મીર હાથમાં અટકી જશે અને સરકાર તરફથી કઈ થઈ શકશે નહીં'તે પણ એક સાચી બાબત છે.

સાત સાત દાયકાથી ભારતની કોઈ સરકાર કાશ્મીર વિવાદ ઉકેલી શકી નથી. લોકોને એવો વિશ્વાસ હતો કે એનડીએ સરકાર આ પ્રશ્ન ચપટીમાં ઉકેલી દેશે પરંતુ હવે તો એવું લાગે છે કે સરકારની વર્તમાન નીતિ જોતાં ૨૦૧૯ માં એનડીએ માટે સત્તા હાંસીલ કરવી તે લોઢાના ચણા ચાવવા બરાબર સાબીત થઈને રહેશે.

વર્તમાન સંજોગોમાં કાશ્મીર વિવાદ, ખેડૂત આંદોલન, પેટ્રોલ ડીઝલના ભાવમાં તોતીંગ વધારો, આ બાબતે સામાન્ય મધ્યમ વર્ગને કોઈપણ પ્રકારનો ફાયદો થતો નથી. ફાયદો માત્ર કેન્દ્રમાં એસી ચેમ્બરમાં બેઠેલા પ્રધાનોને થયો છે જેની પાસે ૨૫ કરોડ છતાં તેમાં વધીને ૬૦-૭૦ કરોડનું બેલેન્સ થઈ ચુકયું છે. હવે તેઓ ઘરભેગા થઈ જાય તો તેમને કોઈ નુકશાન નથી. કહેનારાઓએ આવું કહ્યું છે કે કરોડપતિ બનવું હોય તો રાજનીતિમાં ઝંપલાવવું જોઈએ. પક્ષાપક્ષીના રાજકારણમાં માત્ર આંગળી ઉંચી કરવાના કરોડો બોલાય છે.. આ છે આજની ભારતની રાજનીતિ ?

તાજેતરમાં જ યોજાયેલી ૧૧ વિધાનસભા અને ચાર લોકસભા બેઠકો ઉપર ભાજપના નબળા પ્રદર્શન બાદ ભારતીય જનતા પાર્ટી સાવચેત થઈ ચુકી છે ત્યારે હવે લોકસભાની ચૂંટણીને માત્ર એક વર્ષ જેટલો સમય રહ્યો છે અને બીજી તરફ વિપક્ષો પરસ્પર મતભેદો ભુલીને એકમંચ પર આવવા લાગ્યા છે. જેથી ભાજપને પેટમાં દુ:ખાવો ઉપડયો છે. પેટા ચૂંટણીઓ પહેલાં યોજાયેલી કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સૌથી વધુ બેઠકો પ્રાપ્ત કરી હોવા છતાં કર્ણાટકમાં પોતાની સરકાર બનાવી ન શકયા.ત્યારે હવે એનડીએમાં ભાજપના મહત્વના કહી શકાય એવા ત્રણ પક્ષો શિવસેના, જેડીયુ ન્અને શિરોમણી અકાલી દળ કોઈને કોઈ કારણોસર ભાજપથી નારાજ હોવાનું મનાય છે અને આ પક્ષોને મનાવવા ભાજપના અધ્યક્ષ અમીત શાહે કવાયત હાથ ધરી છે અને કવાયત હાથ ધર્યા સિવાય છુટકો જ નથી.

અમીત શાહ અને શિવસેના ઉદ્ધવ ઠાકોરની મુલાકાત પહેલાં જ શિવસેનાએ પોતાની અખબાર 'સામના' માં ભાજપ પર આક્ષેપ કર્યો હતો અને લખ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપ કોઈપણ ભોગે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**જમ્મુ કાશ્મીરની ઉકળતી સમસ્યા મોદી સરકાર ચાર વર્ષમાં ઉકેલી શકી નથી**

**કર્ણાટકની ચૂંટણીમાં ભાજપ મોટો પક્ષ બન્યો હોવા છતાં સત્તા હાથમાંથી ગઈ**

**કિસાન આંદોલનના જાણકારોએ મોદી સરકારની ઉંઘ ઉડાવી દીધી**

# ડૂબતાંને બચાવનારી દીપાકુમારી

**એનું નામ છે જીવન** — **નટવર હેડાઉ**

મુશ્કેલ પરિસ્થિતિનો ધૈર્યપૂર્વક હસતાં - હસતાં સામનો કરવો એ રાજસ્થાનના લોકોની ખાસિયત છે. રાજસ્થાન જ્યાં એક તરફ તેના મહેલો અને કિલ્લાઓ માટે પ્રસિદ્ધ છે તો બીજી તરફ પોતાની બહાદુરી માટે આખા દેશમાં જાણીતું છે. અહીના કણ કણમાં ત્યાગ, વીરતા અને સમર્પણની વાતો સમાયેલી છે. કવિ શ્યામનારાયણ પાંડેએ એવું ગાયેલું કે 'સ્વતંત્રતાને કાજે જ્યાં બાળકો દેતાં બલિદાન' એવી આ વીરોની જન્મધાત્રી રાજસ્થાનની ધરતીના છેડે વસ્યું છે દેલવાડા તેના જૈન મંદિરોની કલાત્મકતા મન મોહી લે છે. અહીં જ છે અલવર પેલેસ સરોવર,ગાઢ શાંત પ્રકૃતિની સુંદરતાનો એક ઉત્કૃષ્ટ નમૂનો, જેને સ્થાનિક લોકો 'કોઠી કા તાલ' નામે ઓળખે છે.૩૦ એપ્રિલ, ૨૦૦૬ નો દિવસ પણ અન્ય દિવસો જેવો જ એક સામાન્ય દિવસ હતો પરંતુ તે અંદર એક એવી ઘટનાને સંકોરીને બેઠો હતો કે જેના થકી નાની બહાદુર બાલિકા દીપાની હિંમત અને સાહસની વાત આખો દેશ જાણવાનો હતો. છઠ્ઠા ધોરણમાં ભણતી ભીલ કોલોનીમાં રહેતી બાર વર્ષની દીપાકુમારી લગભગ રોજની જેમ તળાવને કિનારે કપડાં ધોવા આવી હતી. બીજા બાળકો પણ હરતાં - ફરતાં અને તળાવમાં નહાતા હતા. તે દિવસે પણ આઠ વર્ષનો ગણેશ અને બાર વર્ષનો અશોક તળાવમાં નહાવા ઊતર્યા. રમત - રમતમાં એકબીજા પર પાણી ઉડાડતા તળાવના ઊંડાણ તરફ જવા લાગ્યા. તેમને એ વાતનો જરા પણ અંદેશો નહોતો કે આગળ જતાં જીવનું જોખમ થઈ શકે છે. અને થયું પણ એવું જ, અચાનક ગણેશનો પગ લપસ્યો અને તે ડૂબવા લાગ્યો. તેને બચાવવા માટે અશોક આગળ વધ્યો ત્યારે તે પણ પોતાનું સમતોલન ખોઈ બેઠો. અને પાણીમાં હાથ - પગ પછાડતો બચવાની કોશિશ કરવા લાગ્યો. પણ બચવાનો કોઈ ઉપાય ન મળતાં બંને બૂમાબૂમ કરવા લાગ્યા. તેમનો અવાજ સાંભળીને દૂર કપડાં ધોતી દીપાની નજર ડૂબતા ઊગરવા મથતા બંનેના દેખાતા માથા પર જઈને અટકી. એક ક્ષણમાં દીપા સમજી ગઈ કે હવે પળનોય વિલંબ કરવો પાલવે તેમ નથી. અને તે તુરંત તળાવના ઊંડા પાણીમાં કૂદી પડી. પરંતુ જોમ અને જુસ્સા સાથે સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે એ વાતનું ભાન તેને ત્યારે થયું જ્યારે તે ખુદ ઊંડા પાણીમાં ડૂબવા લાગી. તેમ છતાં પ્રયત્ન કરી તેણે પોતાની જાતને સાચવી લીધી અને ઝડપભેર ગણેશ અને અશોકની તરફ આગળ વધી. હિંમત અને સમજપુર્વક તેમને પકડીને કાંઠે લાવી રહી હતી. ત્યાં એક મગરમચ્છ તેમની તરફ ધસી આવતો દેખાયો. પણ નાની દીપા સજાગ હતી મગર તેમના પર હુમલો કરે તે પહેલા દીપાએ બળપૂર્વક કાંઠા તરફ આવવાનું શરૂ કર્યું અને બંનેને પણ સુરક્ષિત તળાવની પાળ પાસે ખેંચી લાવી. શોરબકોર સાંભળીને બીજા લોકો પણ દોડી આવ્યા. દીપાકુમારીની બહાદુરી અને સાહસ જોઈ સૌ દંગ રહી ગયા.

'શું તને એવું નથી લાગતું કે આ ઊંડા તળાવમાં તું પણ ડૂબી જાત?' એવું પૂછતાં દીપાકુમારીએ કહ્યું કે 'મેં તો એ વિચાર્યું જ નહોતું. મને તરતાં આવડે છે. મેં બે વર્ષ પહેલા પણ બે છોકરાઓને ડૂબતા બચાવ્યા હતા. મેં તો બસ એટલું જ વિચાર્યું કે આ ડૂબી રહ્યા છે તેને ગમે તેમ કરીને બચાવવા જોઈએ. તેથી હું કૂદી પડી.' તેમાં માત્ર દીપાના પિતા ભગવાનરામને પોતાની દીકરીની બહાદુરી માટે ગર્વ છે. દીપાનું નામ વર્ષ ૨૦૦૬ ના રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી સન્માનીત થનાર **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ડીસા નગરપાલિકાના...

પાના નં .૧ ચાલુ

અને ઉપપ્રમુખ માટે આજે મેન્ડેડ જાહેર કરતા સ્પર્ધકોની દોડનો અન્ય આવી ગયો હતો.પાર્ટીના મોવડી મંડળ દ્વારા બંધ કવરમાં ફાળવાયેલા મેન્ડેડ સાથે ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી અને બનાસકાંઠા જીલ્લા ભાજપના મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા પાલિકા કચેરીએ પહોંચ્યા બાદ ડીસા નગરપાલિકાના સભા ખંડમાં પાલિકાના સભ્યો અને અધિકારીઓની હાજરીમાં ચૂંટણી યોજાઈ હતી.જેમાં ભાજપ મોવડી મંડળે પ્રમુખ તરીકે શિલ્પાબેન માળી જ્યારે ઉપપ્રમુખ તરીકે કાન્તિલાલ સોનીને મેન્ડેડ ફાળવેલ હોઈ તેમણે ઉમેદવારી નોંધાવી હતી.જોકે નિયત સમયમર્યાદામાં કોંગ્રેસ તેમજ અપક્ષ જૂથમાંથી કોઈએ ઉમેદવારી ન નોંધાવતા શિલ્પાબેન માળીને પ્રમુખ તરીકે જ્યારે કાન્તિલાલ સોનીને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરાયા હતા.ડીસા નગરપાલિકામાં શિલ્પાબેન માળી બીજી વખત ચૂંટણી લડ્યા હતા અને બંને વાર વિજેતા થયા બાદ બીજી વખત પ્રમુખ પદ મેળવનાર પ્રથમ મહિલા બન્યા છે.. જ્યારે સતત બે ટર્મથી ભાજપમાંથી ચૂંટાઈ આવતા કાન્તિલાલ સોનીને ઉપપ્રમુખ તરીકે પસંદ કરાતા તેમના સમર્થકોમાં આનંદની લાગણી ફેલાઇ છે.આ પ્રસંગે પ્રમુખ અને ઉપપ્રમુખે પાલિકા સદસ્યોનો તેમજ ભાજપના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરી ડીસા શહેરના વિકાસને વધુ વેગ આપવાની ખાતરી આપી હતી.

ડીસા નગરપાલિકાના સુકાનીઓની આ વખતની ચૂંટણીમાં ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી તથા ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાએ પોતે મેદાનમાં ઉતરી વિપક્ષી સભ્યોના તમામ પાસા ખોટા સાબિત કરી દેતા વિપક્ષ દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે કોઈ ઉમેદવાર પણ મુકાયા નહોતા જેથી સતત બીજી ટર્મમાં ભાજપ કેસરિયો લહેરાવવામાં સફળ રહ્યો છે.

## ડીસામાં દારૂની...

પાના નં .૧ ચાલુ

કાર પોલીસ મથકે લઈ જઈ અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજસ્થાનથી દારૂ ભરીને પુરઝડપે દોડતી કાર ધોળા દિવસે ઝડપાતા દારૂબંધીના લીરેલીરા ઉડવા પામ્યા છે.

## મુંબઈમાં ધોધમાર...

પાના નં .૧ ચાલુ

વિસ્તારોમાં સત્તાવાર રીતે મોનસુન પહોંચી જવા માટેની જાહેરાત કરી દેવામાં આવી છે. આજે ભારે વરસાદના લીધે હિંદમાતા, માટુંગા, કુરલા, દાદર સહિતના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉપરાંત મુલુંદ, ઘાટકોપર અને પારેલમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જુદી જુદી એરલાઈન્સોની ફ્લાઇટો અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી હતી. ઓછામાં ઓછી નવ ફ્લાઇટોને અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી ચુકી છે. ખરાબ હવામાન અને ભારે વરસાદના કારણે વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. બીજી બાજુ મુંબઈની લાઇફલાઈન સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને પણ માઠી અસર થઇ હતી. સેન્ટ્રલ લાઈન ઉપર લોકલ ટ્રેનો મોડે દોડી રહી છે જ્યારે વેસ્ટર્ન લાઈન ઉપર ટ્રેનો દોડી રહી છે. બીએમસી દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજા પહેલાથી જ રદ કરી દીધી છે. હવામાન વિભાગ તરફથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. શહેરના અનેક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. આઈએમડી દ્વારા નોંધવામાં આવેલા આંકડા મુજબ કોલાબામાં છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૩૮.૨ મીમી વરસાદ થયો છે. શાંતાક્રૂઝમાં ૩૭ મીમી વરસાદ નોંધાઈ ગયો છે. હાર્બર લાઈન ઉપર ટ્રેનો ૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશને અધિકારીઓની રજા રદ કરી દીધી છે. આગામી ૨૪ કલાક દરમિયાન પણ મુંબઈમાં ભારે વરસાદ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. દક્ષિણ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ છતાં વેસ્ટર્ન રેલવેની ઉપનગરીય સેવા જારી રહી છે. આઈએમડી મુંબઈ તરફથી જાણકાર લોકોનું કહેવું છે કે, મોનસુન ઝાપટા જારી રહ્યા છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં મોનસુની વરસાદી ઝાપટા જારી રહ્યા છે. આઈએમડી દ્વારા કેટલાક ક્રાઈટેરિયા પણ નક્કી કરવામાં આવી ચુક્યા છે. ભારે વરસાદના લીધે હજુ પણ તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ મહારાષ્ટ્રમાં હજુ વરસાદ જારી રહી શકે છે. મુંબઈમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. આ પહેલા પણ મુંબઈમાં પ્રિ-મોનસુની વરસાદી ઝાપટા જારી રહ્યા હતા. સામાન્યરીતે મુંબઈમાં મોનસુનની શરૂઆત ૧૦મી જૂનની આસપાસ થાય છે. હવામાન વિભાગના કહેવા મુજબ પહેલાથી જ વધારે અને પહેલા વરસાદની આગાહી કરાઈ હતી. મુંબઈ સહિત ઉત્તર દરિયાકાંઠાના મહારાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ ૯મીથી ૧૨મી જૂન વચ્ચે પડી શકે છે. વરલી, ચેમ્બુર, ઘાટકોપર, કુર્લા, દાદર, પારેલ, મુલુંદમાં સૌથી વધારે પાણી ભરાયા છે. બીએમસી દ્વારા ઓટોમેટિક વેધર સ્ટેશન કુર્લામાં શરૂઆત કરવામાં આવ્યા બાદ અહીં વરસાદની નોંધણી થઇ રહી છે. પાણી ભરાઈ જવાના કારણે અનેક જગ્યાએ જામની સ્થિતિ પણ જોવા મળી રહી છે. વરલી સી ફેસ ખાતે ભારે વરસાદ થઇ રહ્યો છે. ખાર, વરલી ખાતે પણ ભારે વરસાદ થઇ રહ્યો છે. મુંબઈ લોકલની સેન્ટ્રલ લાઈન ઉપર લોકલ ટ્રેનો ૧૦થી ૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. લોકલ ટ્રેન રદ કરવામાં આવી નથી. દક્ષિણ-પશ્ચિમ મોનસૂન પહોંચી જવાની જાહેરાત હવામાન વિભાગ તરફથી કરી દેવામાં આવી છે.

## સૌરાષ્ટ્રના ગીર...

પાના નં .૧ ચાલુ

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગે અકબંધ રાખી છે. શુક્રવારની સરખામણીમાં શનિવારના દિવસે અમદાવાદમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૩ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદમાં પણ સવારે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. બીજી બાજુ દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેથી લોકોને આંશિક રાહત મળી હતી. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમીનો અનુભવ વીવી નગરમાં થયો હતો જ્યાં પારો ૪૧.૩ ડિગ્રી રહ્યો હતો. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ બે દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૧૦૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના બે દિવસના ગાળામાં ૩૦ અને ટાઈફોઈડના ૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના બે દિવસના ગાળામાં ૨૩ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા.

જૂન મહિનામાં ઝેરી મેલેરિયાના કોઇ કેસ નોંધાયા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે.

## પાલનપુરમાં સતત...

પાના નં .૧ ચાલુ

લાગી રહ્યું છે. જેમાં પણ સફાઇ દરમિયાન બેદરકારી દાખવવામાં આવતી હોવાથી ઠેર- ઠેર ધરોઇની પાઇપલાઇન તૂટી રહી છે. જ્યાં શુક્રવારે તારાનગર વિસ્તારમાં પાણીની પાઇપલાઇન તૂટી હતી. જે બાદ શનિવારે પશ્ચિમ પોલીસ મથક પાસે પાઇપ લાઇન તૂટતાં લડબી નદીના પટમાં પાણીની રેલમછેલ થઇ જવા પામી હતી. જેને કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થતા લોકોએ તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

## વડગામમાં આવકાર...

અનુસંધાન ૨ નુ ચાલુ..

આપી ભાવભિની વિદાય આપવામાં આવી હતી. ઉપરાંત મામલતદાર કચેરીમાં ના.મામલતદાર તરીકે બદલી પામેલ કર્મચારીઓનું પણ સન્માન કરાયું હતું. પ્રાંત ઓફીસર જોષી દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

વડગામ તાલુકાના ૧૧૦ ગામાંમાં કાર્યરત સસ્તા અનાજના સંચાલકોના સંગઠન દ્વારા વિદાય સમારંભ, શુભેચ્છા સમારોહો, ભાદરવી પૂનમે અંબાજી જતાં યાત્રિકો માટે પદયાત્રી સેવા કેમ્પ કુદરતી હોનારત,જળસંકટ, ભૂકંપ, જુદા - જુદા હેતુઓ માટે સેવાકીય પ્રવૃતીઓમાં મદદ કરી સમગ્ર રાજ્યમાં તાલુકાનું નામ રોશન કર્યું છે તાલુકાની પ્રજા તેમની સેવાઓને પણ બિરદાવે છે.

## ચીની પ્રમુખ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

એસસીઓના દેશ આ વખતે એક નવા સંબંધની પહેલ કરી શકે છે, જેનો આશ્ય ન જોડતોડ ન વિવાદ અને ન કોઈ ત્રીજા દેશ વિરુધ કોઈ પગલું ઉઠાવવું છે. શાંધાઈ સહયોગ સંગઠનની સ્થાપના ૨૦૦૧માં રશિયા, ચીન, કિર્ગીસ્તાન, તઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના પ્રમુખોએ કરી હતા રચના દેશો વચ્ચે રાજકીય, અને સૈન્ય સહયોગ માટે કરાઈ હતા ભારત-પાકિસ્તાનને ગયા વર્ષે સભ્યપદ મળ્યું હતું.

## થરાદના મહોત્સવમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સાથે-સાથે તેમણે ત્રેત્રીસ કોટી દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાનું જતન કરવાની હાકલ કરી પ્રજાજનોને આહવાન કરતાં આપણા પૂર્વજો જેમ વાડા બનાવી ગાયોનું રક્ષણ કરતા હતા તે જ પ્રકારે આપણે પણ ગામો ગામ વાડા બનાવી ગામનું ગૌવંશ ગામમાં સચવાય તે પ્રકારે કામ કરવાની હાકલ કરી હતી.ભારત વિકાસ પરિષદના પ્રમુખ અજય ઓઝા અને સદસ્યો તથા પુર્વ ધારાસભ્ય માવજીભાઇ પટેલ દ્વારા કથાકારનું ભગવાન શ્રી ધરણીધરનો ફોટો અને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. જ્યારે ગૌસેવાના લાભાર્થે આયોજિત કુંવરબાઈના મામેરામાં ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું કથાકારના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. થરાદ નગરના આંગણે યોજાઇ રહેલા મહોત્સવમાં ભક્તો ભગવાનભક્તિમાં ખોવાતાં નાચગાના સાથે ઝુમી ઉઠયા હતા.

## ધાનેરા તાલુકાના...

પાના નં .૮ ચાલુ

ઘટનાઓને અંજામ આપી પોલીસ સામે પડકાર ફેંકી રહ્યા છે.ધાનેરા તાલુકામાં પણ ચોરીની ઘટનાઓ વધી રહી છે. જોકે આ ચોરીઓનું પગેરું મેળવવામાં પોલીસ નિષફળ સાબિત થઈ રહી છે. આવી સ્થિતિમાં ધાનેરાથી ૧૦ કિલોમીટર દૂર આવેલા માલોત્રા ગામમાં પણ છેલ્લા બે માસમાં ૨૦ જેટલી ચોરીઓ થયાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.ગઇરાત્રે પણ માલોત્રા ગામની મધ્યમાં આવેલા બે મંદિરોમાં ચોરી થતા ગ્રામજનો પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. ગઇરાત્રે માલોત્રા ગામે આવેલ વડેચી માતાના મંદિર તેમજ શિવજીના મંદિરમાં ત્રાટકેલા તસ્કરો શીતળા માતાની ચાંદીની મૂર્તિ તેમજ રોકડ રકમની ચોરી કરી જતા ગ્રામજનો લાલઘૂમ થઈ ગયા છે.આ બંને મંદિરોમાંથી ૨૫૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરાઈ ગયો હોવાનો દાવો ગ્રામજનો કરી રહ્યા છે.

મલોત્રા ગામમાં અવારનવાર થતી ચોરીઓથી ગ્રામજનો ભયભીત બની ગયા છે .એકજ ગામમાં વારંવાર ચોરી થતી હોવા છતાં પોલીસ અંધારામાં ફાંફા મારી રહી છે જેથી અકળાયેલા ગ્રામજનો હવે આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારી સમક્ષ રજૂઆત કરી જરૂર પડ્યે આંદોલન છેડવાની પણ ચીમકી આપી રહ્યા છે.

માલોત્રા ગામના ભવાનભાઈ ખત્રીના ઘરે પણ અગાઉ ચોરી થઈ હતી. પોલિસ આ કેસની તપાસ ચાલુ હોવાનું જણાવી રહી છે.પણ આ તપાસ ક્યાં સુધી ચાલશે એનો કોઈ જવાબ મળતો નથી જેથી ફરિયાદીએ પણ નારાજગી વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ધાનેરા તાલુકાના માલોત્રા ગામે માત્ર બે માસના ટૂંકા ગાળામાં જ ચોરીની ૨૦ જેટલી ઘટનાઓ બનતા

ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે ધાનેરા પોલીસ સત્વરે તસ્કર ટોળકી ને પકડી ગ્રામ્ય વિસ્તારના લોકોનો ભય દૂર કરી લોકોને સલામતીનો અહેસાસ કરાવવા સક્રિય બને તે ખુબ જરૂરી જણાય છે.

## ભાભરમાં મોબાઈલ...

પાના નં .૮ ચાલુ

વિગત મુજબ ભાભર પોલીસ સ્ટાફ ગઈકાલે ભાભર પોલીસ સ્ટેશન વિસ્તાર ગામડામાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યા ચોરીમાં ગયેલ એક સેમસંગ કંપનીનો નાનો મોબાઈલ ફોન કાર્યરત થતાં જે ફોનના ધારક આ કામના આરોપીની પત્ની રૂડીબેન ઠાકોર (રહે.ધ્રેચાણા, તા.સુઈગામ) જે ભાભર પોલીસ સ્ટેશન ખાતે આવી સદર ચોરીનો મોબાઈલ ફોન રજુ કરતા તેની પુછપરછ કરતા તેણીએ જણાવેલ કે તા.૩/૬/૧૮ ના રોજ બપોરે તેના પતિ અનુપ મશાજી ઠાકોર (રહે.ગોસણ તા.ભાભર)એ આપેલ હોવાની કબુલાત કરતા ભાભર પોલીસે બાતમી આધારે આરોપીને ગોસણ ગામના પાટીયા પાસેથી ઝડપી લઈ તલાશી લેતા તેની પાસેથી ભાભર મોબાઈલ દુકાનમાંથી ચોરાયેલ મોબાઈલ નંગ-૨ (કિ.રૂા.૩૦૦૦) તથા રોકડ રૂા.૨૨૦૦૦ મળી કુલ રૂા.૨૫૦૦૦ નો મુદામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે. કે આરોપીએ પરણીતાને ફોન આપતા તેમાં નવું સીમકાર્ડ ચડતાની સાથે પોલીસને મેસેજ મળતા ચોરીનો ભાંડો ફૂટ્યો હતો.

## બનાસકાંઠામાં ચોમાસાના...

પાના નં .૮ ચાલુ

જેથી સમગ્ર ગુજરાતમાં આ વર્ષે વરસાદ સારો રહેવાની આશા સેવાઈ રહી છે કેરલ પ્રદેશમાંથી ચોમાસાનો પ્રારંભ પણ આ વર્ષે ચાર દિવસ વહેલો થયો હતો. જે મોન્સુન સિસ્ટમ આગામી દિવસોમાં સમગ્ર ગુ-જરાત પ્રદેશ પર છવાવાની શક્યતાઓ રહેલી છે એ.એમ.એફ.યુ. દાંતીવાડાના સુત્રોના જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા સહિત ઉત્તર ગુ-જરાતમાં આગામી ૧૧ મી જુનના રોજ હળવો વરસાદ થવાની સંભાવના રહેલી છે જેથી ઉત્તર ગુજરાતમાં ૧૧ મી બાદ ચોમાસું દસ્તક દેવાની શક્યતાઓ જોવાઈ રહી છે. જિલ્લામાં વાદળ છાયા વાતાવરણના પગલે તાપમાન પણ ઘટાડો નોંધાયો છે ૪૦ ડીગ્રી નીચે તાપમાનનો પારો જતાં લોકોને ગરમીથી આશિંક રાહત મળી છે ડીસા હવામાન વિભાગમાં શનિવારના રોજ નોંધાયેલ તાપમાન ૩૯.૬ ડીગ્રી મહત્તમ રહ્યુ છે. જ્યારે લઘુતમ ૨૯.૫ ડીગ્રી નોંધાયુ છે. અને પવનની ગતિ ૧૫ પ્રતી કલાક રહેવા પામી હતી.

## દીઓદર પંથકમાં ...

પાના નં .૮ ચાલુ

રેડ કરી દઈ છુટો દોર મેળવી લેતી હોવાનું ચર્ચાસ્પદ બનવા પામેલ છે.

આવી જ એક ફરીયાદ દીઓદર પોલીસે નોંધાયે છે. દીઓદર તાલુકાના લીલાધર ગામના લેરીબેન પાંચાભાઈ ચમનાભાઈ ચૌધરી (પટેલ)એ દીઓદર પોલીસ મથકે ધીરજભાઈ હેમાભાઈ ચૌધરી (પટેલ) રહે.કુડા કોટડા(તા.લાખણી) સામે ફરીયાદ નોંધાવેલ કે.અમો બધા રાત્રીના સમયે સુઈ રહ્યા હતા તે સમય દરમ્યાન રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે ધીરજભાઈ હેમાભાઈ ચૌધરી અમારા રહેણાંકની જગ્યાએ જીપડાલુ લઈને આવેલ અને અમારી દીકરી રાત્રીના સમયે ઢાળીયામાં સુઈ રહી હતી તે સમય દરમ્યાન બળ જબરી પૂર્વક જીપડાલામાં નાખી અને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયેલ. આ ઘટનાની જાણ અમોને થતાં અમોએ તુરંત જ પીછો કરેલ પરંતુ જીપડાલુ ભગાડી મુકેલ. આ અંગેની ફરીયાદ દીઓદર પોલીસ મથકે નોંધાવતાં દીઓદર પોલીસે અપહરણ કરી ગયેલ ઈસમ ધીરજભાઈ હેમાભાઈ ચૌધરી સામે ૩૬૩, ૩૬૬, ૧૧૪ મુજબ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## દીઓદર હાઈવે..

પાના નં .૮ ચાલુ

ઉમટી પડેલ અને ગૌરક્ષક દિપકગીરી વાસુગીરી ગૌસ્વામી રહે.દીઓદરે દીઓદર પોલીસ મથકે આ ત્રણેય ઈસમ ડ્રાયવર શાંન્તુજી રવાજી ઠાકોર, જેમોરભાઈ ગફરુભાઈ રબારી, દશરથભાઈ હરજીભાઈ રબારી (ત્રણે રહે.ગોજારીયા, તા.જી.મહેસાણા) સામે દીઓદર પોલીસ મથકે ફરીયાદ નોંધાવેલ. ત્યારબાદ દીઓદર પોલીસે પશુ સંરક્ષણ અધિનિયમ ૫-૬-૮ તેમજ પશુ ક્રુરતા અધિનિયમ ૧૧-ઘ-ચ-ડ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાવના અસારા...

પાના નં .૮ ચાલુ

ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે અસારાવાસના ઉત્સાહી સરપંચ ઈશ્વરભાઈ રાજપુતે આ બાબતની જાણ વાવ ટી.ડી.ઓ બી.ડી.સોલંકીને કરતા તેમણે રમેશભાઈ પુરાણીયા (ઈ.ચાર્જ ટી.ડી.ઓ) વિસ્તરણ અધિકારી (પ્રધાનમંત્રી આવાસ) હરજીભાઈ કે.ઓડ તેમજ ગ્રામસેવક એમ. આર. મકવાણાએ તાબડતોબ વૃદ્ધ મહિલાના ઘરનું જાત નિરીક્ષણ કરી એક દિવસમાં કાગળોની ફાઈલ બનાવી ઘરનું ઘર બનાવી પોતાના સ્વપ્નને સાકાર કરી બતાવ્યું હતું. આઝાદી બાદ ૨૦૧૭ ના વર્ષમાં વૃદ્ધ અને અંધ મહિલાને પોતાના ઘરનું ઘર મળતાં આનંદનો અવસર આવતાં હર્ષના આંસુ જોવા મળ્યા છે. સરપંચ અસારાવાસ ઈશ્વરભાઈ રાજપુત, ટી.ડી.ઓ બી.ડી.સોલંકી, ઈ.ચાર્જ ટી.ડી.ઓ રમેશભાઈ પુરાણીયા, વિસ્તરણ અધિકારી પ્રધાનમંત્રી આવાસ યોજના હરજીભાઈ કે.ઓડ ગ્રા.સેવક એમ.આર. મકવાણાની ઉમદા કામગીરીની સમગ્ર સરહદી પંથકમાં ચોમેર પ્રશંસા થઈ છે.

૭૫ વર્ષીય વૃદ્ધ અને અંધ મહિલાના વતન અસારા વાસનું જાત નિરીક્ષણ કર્યા બાદ વાવ તા.પં.કચેરીના પ્રધાનમંત્રી આવાસ યોજનાના વિસ્તરણ અધિકારી એચ.કે.ઓડે પોતે જાતે જવાબદારી ઉઠાવી ૨૨ દિવસમાં મહિલાને ઘરનું ઘર બનાવી આપી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં એક નવું મોરપીંછુ ઉમેરી ઉમદા કામગીરી કરી વૃદ્ધ અને અંધ ૭૫ વર્ષીય મહિલાનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું છે. આવા કાર્યકુશળ પ્રામાણિક કર્મચારીની સમગ્ર વાવ પંથકમાં ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

મારે વળી શા માટે બલિદાન આપવુ ? અન્યને બલીદાન આપવાનું કહેનાર પોતાનો વારો જો આવે તો..?

અલ્યા બઉં થ્યું. કયાં સુધી લોકોને ભુરકી મારશો ? આજકાલ દેશ રાજય કે સમાજમાં આવી ભુરકી માનનારાઓનું કામણ વધી ગયું છે. દેશની પ્રજા ગાડરીયા પ્રવાહના જેવી છે જ.. માથું ઉંધુ કરીને એય ચાલી મારા ભૈ.. માર્ગમાં ખાઈ આવે કે કુવો પાણીથી ભરેલો હોય કે ખાલીખમ.. પડો એમાં મારા ભૈ.. ધબાધબ... જોશો નહીં વિચારશો નહીં દીધે રાખો એમાં..

બઉં થ્યુંની દોડવા માંડેલી ગાડીમાંથી જરા નજર કરો દેશનું એક ક્ષેત્ર એવું નહીં હોય જ્યાં કૌભાંડ થયું. આચરાયું ના હોય કદાચ મસાણનાં લાકડાં મામલે કૌભાંઠ થયા અંગે લાગતું નથી. બાકી કલાપીની પેલી એ ગઝલ જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી છે આપની.. એમ જ્યાં જ્યાં નજર કરૂં કે નજર રાખું ત્યાં કૌભાંડ છે.. ભઈઈ.. આપણું આપ કદાચ કૌભાંડ કરી શકતા નહીં હોવ પણ અહીં ઘણા એવા પડયા છે કે ટાંકણી મામલે પણ કૌભાંડ કરી જાણે છે.. છેને ઘરડી આઝાદીના.. ભેજાબાજ કૌભાંડીઓ...?

કૌભાંડો કરનારાઓ બઉં થ્યું. તમે તમારા સાગરીતોએ કૌભાંડો કયાં કર્યા નથી. સાઈકલ મામલે તો કૌભાંડ.. પશુ અને ઘાસચારાનું તો કૌભાંડ.. નોકરી આપવાના મામલે તો કૌભાંડ.. શસ્ત્રો ખરીદવા તો પણ કૌભાંડ.. ટીકીટો મામલે કૌભાંડ, ફલાણી વસ્તુ મામલે કૌભાંડ અને ઢીંકણી વસ્તુ મામલે ય કૌભાંડ, સવારે છાપાનું પાનું જો ખોલો તો કૌભાંડ અને રાત્રે જો તમે સમાચારો જોતા હોવ તો કૌભાંડ..

નવાઈની વાત તો એ છે કે આવાં કૌભાંડ કરનારા પાછા મામુલી માણસો નહીં પણ પદધારી સમાજમાં કશીક પ્રતિષ્ઠા ધરાવે એવા.. ખાસ્સો પગાર પાડતા. અને વળી કૌભાંડ તો એટલું બધું એવડું મોટું આચર્યું હોય કે ઓહોહો.. અધધધ થઈ જવાય.

આવા માણસોને પણ કહેવું જોઈએ કે ભઈઈ.. બઉં થ્યું. જાતજાતના અંગત સ્વાર્થ કેરા ઉપક્રમે કૌભાંડો આચરો છો.. એમાં તો તમારી ઈમેજ ખરાબ થાય છે.. લેખકને અને અન્ય ઘણા માણસોને પાકી ખબર છે જ કે અહીં ઈમેજની કોઈને પડી નથી. રૂપિયા જો મળતા હોય તો ઈમેજ જાય ભાડમાં.. સાચે સાચ છે કે રૂપિયા છે તો રંગ છે અને રૂપિયા કાંઈ સીધી સાદી નોકરીથી નથી મળવાના.. લોકોનું એટલે કરી નાખો..

બાકી આ અવળા હાથનો લેખક તો બકે રાખવાનો. કે બઉં થ્યું. હવે થોભો.. તમે માનો કે ન માનો.. આ તો જીવ મારો જરા બળ્યો એટલે કહ્યું કે બઉં થ્યું. થોભો હવે પણ..

પણ સામેથી મને પ્રત્યુત્તર મળી ગયો કે શું કામ થોભીએ ?

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**

**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

એક એવા બોકસની તરફ ઈશારો કર્યો જે ઘણું શોધવા છતાં પણ મળ્યો નહોતો. બીજીવાર આ ઘોડીએ ખોવાયેલ બાળકને પણ શોધી આપેલ. લેડી વંડરની પરાશક્તિનો લાભ લેવાને માટે એક વિશેષ પ્રકારનો પ્રયોગ કરવામાં આવે છે.ઘોડીની સામે અંગ્રેજીમાં શૂન્યથી નવ સુધીના અંકોના પાટીયા લટકાવવામાં આવે છે. આ ઘોડી એ જ અંક ઉઠાવતી જે એના માટે આવશ્યક હોય છે. આવા એક એક અક્ષર મેળવીને જે અક્ષર બનતો તે પ્રશ્નકર્તાનો ઉત્તર બનતો હતો.

એક વાર કલાર્ક નામનો વ્યક્તિ ડેનવરથી હાઉસ્ટનની યાત્રા કરી રહ્યો હતો. ત્યારે એની બ્રીફકેસ ખોવાઈ ગઈ. જેમાં કામના પત્રો હતા. હવાઈ મથકના અધિકારીઓએ ઘણી શોધ કરી પરંતુ તે ના મળી. અધિકારીઓએ તેને રકમ આપવાનું નક્કી કર્યું ત્યારે લેડી વંડર નામની ઘોડીએ મદદ કરતા જવાબ મળ્યો કે ન્યુયોર્કના હવાઈ મથક પર તે બ્રિફકેસ પડી છે. છેવટે બ્રીફકેસ ત્યાંથી જ પ્રાપ્ત થઈ જેનો સંકેત લેડી વંડરે આપ્યો હતો.

આ ઘોડીની બીજી એક ખાસ વિશેષતા એ હતી કે કોઈપણ ખોવાયેલ વસ્તુને કોઈપણ સૂત્ર કે આધાર સાબીતી વિના તે શોધી આપતી હતી. બીજખી એક ઉપલબ્ધિ એ હતી કે તે અંગ્રેજીનો એક એક શબ્દ, વાકય તથા સાચો સ્પેલીંગ જાણતી હતી. આ ઘોડી સાત વર્ષની ઉંમરમાં આવતા સમગ્ર અમેરીકામાં પ્રખ્યાત થઈ ગઈ હતી. લોકો દુર દુરથી પોતાની સમસ્યાઓનું સમાધાન કરવાને માટે લેડી વંડર પાસે આવતા હતા.

પંદર વર્ષો સુધી આ લેડી વંડરે પોતાની વિલક્ષણ પ્રતિભા દ્વારા લોકોની સેવા કરી અંતે ૨૨ વર્ષની ઉંમરે લેડી વંડરનું મૃત્યુ થયું હતું. **કમલેશ કંસારા અમદાવાદ**

## દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

૩૫૦ બેઠકો જીતવા ઈચ્છે છે, શિવસેનાએ પેટ્રોલ ડીઝલના વધી રહેલા ભાવો અને ખેડૂતોના આંદોલન મામલે ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું આટલી ગંભીર સમસ્યાઓ હોવા છતાં ભાજપ ચૂંટણી જીતવાની ઈચ્છા ધરાવે છે. આ તો એક માત્ર દિવાસ્વપ્ન કહી શકાય. કેમ કે બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર, આંધ્રના ચંદ્રાબાબુ નાયડુ ભાજપને રામ રામ કરવાની વેતરણમાં છે.બિહારને વિશેષ રાજયનો દરજ્જો આપવાની વાત નીતિશકુમારે એનડીએ સરકારને જણાવી છે પરંતુ આ કોકડું ગુચવાતું રહ્યું છે ત્યારે બીજી બાજુ કિસાન આંદોલન સરકારની નીતિગત નિષ્ફળતાનો પુરાવો છે. ૩૦ વર્ષમાં ત્રણ લાખ ખેડૂતોએ આપઘાત કર્યા તેની પાછળનું કંઈ તો કારણ હશે ? રસ્તા પર દુધની નદીઓ વહેતી કરવાનું, શાકભાજી રોડ વચ્ચે ફેંકી મારવાનું, કિસાનોને મન થતું હશે ? દુધ અને શાકભાજી શહેરોમાં ન પહોંચાડવા જેથી કરીને સરકારને ખેડૂતની શક્તિનો અંદાજ આવે ? ૨૦ રાજયોના ૧૭૫ કૃષિ સંગઠનોએ સાથે મળીને ૧૦ દિવસની હડતાલ જાહેર કરી છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં દેશભરના કિસાનો એક મંચ પર આવીને પોતાની તાકાતનો અંદાજ સરકારને બતાવી દે તે પહેલાં સરકાર જાગૃત થાય અને કિસાનોના તમામ હક્કો પેટ્રોલ ડીઝલના ભાવો ૨૫ ટકા ઘટાડે તો જ કેન્દ્રની એનડીએ સરકાર તેના ૨૦૧૯ ની ચૂંટણીના સ્વપ્નને સાકાર કરી શકશે ?

## એનું નામ છે જીવન

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

બાળકોની યાદીમાં હતું. પ્રજાસત્તાક દિવસની પરેડમાં રાજધાની દિલ્હીમાં હાથી પર સવાર થઈ રાજપથ પર પસાર થતાં આખા દેશે.

તેને જોઈ અને ખુર થઈ તેની બહાદુરીને સેલ્યુટ કરી. વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ વગેરે અનેક મહત્ત્વપૂર્ણ લોકોએ દીપાને મળી તેની બહાદુરીની પ્રશંસા કરી. દીપા મોટી થઈને પોલીસ અધિકારી બનવા માંગે છે. આપણે સૌ પ્રાર્થના કરીએ કે દીપા ખૂબ ભણે અને પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ બને.**નટવર હેડાઉ**

## શાહીબાગ ખાતે યુવાન પર જીવલેણ હુમલાના સીસીટીવી દ્રશ્યો સામે આવ્યા

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણાના શાહીબાગ ખાતે એક સપ્તાહ પુર્વે યુવક પર જીવલેણ હુમલાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં બે શખ્સે યુવક પર હમલો કરતા જોવા મળી રહ્યા છે. ગતે ૨૧ મેના દિવસે શાહીબાગ સોસાયટી પાસે એક યુવક પર ઘાતકી હુમલો થયો હતો. આ કેસમાં પોલીસે આરોપીઓની ધરપકડ કરી છે. જોકે હત્યાના સીસીટીવી સામે આવ્યા છે.

આપ દ્રશ્યમાં જોઈ શકો છો કે, એક યુવક રસ્તાની ડાબી તરફ ઉભો છે અને બે શખ્સો દોડતા દોડતા આવી રહ્યા છે. બંને ના હાથમાં ધારિયા જેવા ઘાતક હથિયાર દેખાય છે. તેમજ રસ્તાની સાઈડમાં ઉભો રહેલો યુવક કાંઈ સમજે તે પહેલા જ તેના પર હુમલો કરી દેવાય છે. પહેલા જ ઘામાં યુવક જમીન પર પટકાય છે. જે બાદ પણ હુમલાખોરો અટકતા નથી. તેમજ એક પછી એક ઘા ઝિંકતા જાય છે. યુવક પર સરા જાહેર જીવલેણ હુમલાની ઘટના બને છે. તે સમયે બીજીતરફના રસ્તા પરથી બાઈક સવાર પસાર થતો જોવા મળે છે. જેની નજર તે આ હુમલાના દ્રશ્ય જુએ છે. બાઈકની ઝડપને ઓછી પણ કરે છે. પરંતુ તે ત્યાં દોડીને આવતો નથી.

## વિસનગર બાલા હનુમાન મંદિરમાં તસ્કરો ત્રાટકયા

મહેસાણા

વિસનગરની ગાયત્રીનગર સોસાયટીમાં આવેલ બાલા હનુમાન મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જેમાં મંદિરમાંથી પાંચ ધાતુનુ છત્તર તેમજ દાનપેટીની ચોરી થવા પામી હતી, આ અંગે વિસનગર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

જાણવા મુજબ વિસનગરમાં આવેલ બાલા હનુમાન મંદિરને ગત રવિવારે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મંદિરમાં પ્રવેશ કરી પંચધાતુનું છત્તર ૫૦૦ ગ્રામ (કિંમત રૂા.૪ હજાર) તથા મંદિર બહાર લગાવેલ દાનપેટી ઉઠાવી ગયા હતા. આ અંગે ગાયત્રી નગરમાં રહેતા બબાભાઈ મણીલાલ પટેલે વિસનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી ૨૦ જુને યોજવા બેઠક મળી

મહેસાણા

મહેસાણા જિલ્લા પ્રમુખની ચૂંટણીને લઈ પ્રદેશ કોંગ્રેસમાંથી નિરીક્ષક અશ્વિન કોટવાલ દોડી આવ્યા હતા. ગત બુધવારે બપોરે જિલ્લા પંચાયતના સદસ્યોને વ્યક્તિગત સાંભળી અમુક ચર્ચા કરી હતી. જો કે આગામી દિવસોએ ફરી એકવાર બેઠક કરી સુકાનીઓ નક્કી કરવામાં આવશે.

મહેસાણા જિલ્લા પંચાયતમાં આગામી અઢી વર્ષમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી ૨૦ જુને હોવાથી રાજકીય ગરમાવો વધી ચુક્યો

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| **પીલૂડા** | | | ગવાર | ૬૬૦ |
| જીરું = ૨૭૫૦ - ૩૦૫૧ | | | ઘઉં | ૩૧૧-૩૨૧ |
| રાયડો= ૭૧૦ - ૭૪૪ | | | મગફળી | ૭૧૧-૭૮૦ |
| એરંડા = ૭૫૦- ૭૬૩ | | | **થરા** | |
| ઈસબગુલ= ૧૨૫૦ - ૧૪૭૦ | | | જીરૂ | ૨૨૫૦-૩૧૭૧ |
| ચીકુડી = ૧૩૦૦ - ૧૫૪૫ | | | એરંડા | ૭૫૮-૭૭૪ |
| મેથી = ૫૦૫ - ૫૪૧ | | | રાયડો | ૭૧૦-૭૩૫ |
| અજમો = ૧૧૨૦ - ૧૩૫૧ | | | ઘઉં | ૩૨૦-૩૫૬ |
| વરીયાળી = ૧૧૫૦ - ૧૨૫૧ | | | બાજરી | ૨૫૨-૨૭૮ |
| ગવાર = ૬૯૨ - ૬૯૩ | | | જુવાર | ૫૨૦-૭૭૬ |
| સુવા = ૮૦૦ - ૯૨૦ | | | રજકો | ૧૮૫૦-૨૪૩૫ |
| રજકો = ૨૩૦૦ - ૨૪૦૦ | | | **સિધ્ધપુર** | |
| તારામીરા= ૮૦૦ ૮૦૦ | | | વરીયાળી | ૧૨૦૫-૧૩૩૫ |
| **ડીસા** | | | રાયડો | ૬૪૫-૭૪૯ |
| ઘઉં | ૩૩૦-૩૫૧ | | એરંડા | ૭૪૦-૭૭૧ |
| બાજરી | ૨૪૧-૩૦૦ | | ગવાર | ૫૭૪-૬૪૫ |
| રાજગરો | ૧૦૫૧-૧૧૧૫ | | ઘઉં | ૩૧૫-૪૦૦ |
| મગફળી | ૭૪૦-૮૨૬ | | જુવાર | ૫૦૫-૮૬૧ |
| એરંડા | ૭૬૧-૭૬૭ | | બાજરી | ૨૦૦-૨૬૧ |
| રાયડો | ૭૧૧-૭૩૦ | | સવા | ૭૦૩-૮૯૭ |
| **પાંથાવાડા** | | | તલ | ૧૩૨૨ |
| બાજરી - | ૨૨૫/- | ૨૪૦/- | મેથી | ૫૦૩ |
| ગવાર - | ૬૪૪/- | ૬૫૨/- | જવ | ૨૮૬ |
| એરંડા- | ૭૫૫/- | ૭૬૬/- | **પાટણ** | |
| રાયડો - | ૭૨૭/- | ૭૩૮/- | જીરૂ | ૨૫૦૦-૨૯૪૧ |
| મગફળી - | ૭૫૦/- | ૮૧૦/- | વરીયાળી | ૮૬૮-૧૫૭૮ |
| **ધાનેરા** | | | મેથી | ૪૯૦-૫૦૦ |
| ઘઉં | ૩૧૭-૩૩૮ | | સુવા | ૬૫૦-૯૬૦ |
| બાજરી | ૨૩૯-૨૫૩ | | રાયડો | ૬૭૦-૭૭૧ |
| જવ | ૩૦૦ | | એરંડા | ૭૫૫-૭૭૩ |
| જુવાર | ૭૦૮ | | ઈસ. | ૮૦૧-૧૦૦૦ |
| ગવાર | ૬૬૨-૭૦૧ | | અજમો | ૮૦૦-૧૧૧૧ |
| રાયડો | ૬૬૨-૭૪૫ | | ઘઉં | ૩૨૦-૪૦૫ |
| એરંડા | ૭૫૦-૭૭૧ | | બાજરી | ૨૨૦-૨૭૦ |
| રજકો | ૧૭૦૬-૨૨૦૧ | | ગવાર | ૬૬૧-૬૮૧ |
| સુવા | ૮૯૦-૯૪૦ | | જુવાર | ૩૯૦-૬૮૦ |
| વરી. | ૧૧૫૯-૧૩૩૯ | | બંટી | ૨૩૧ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૨૮ | | રજકાબાજરી | ૪૩૧-૪૩૬ |
| તલ | ૧૩૫૦ | | રજકો | ૧૭૦૦-૨૫૭૦ |
| જીરૂ | ૨૬૮૦-૨૯૬૧ | | ચીકુડી | ૮૫૦-૧૬૧૧ |
| રાજગરો | ૮૦૦-૯૭૬ | | **થરાદ** | |
| અસાળીયો | ૮૦૫ | | રાયડો | ૭૨૩-૭૬૨ |
| તારામીરા | ૭૯૧-૮૦૬ | | એરંડા | ૭૫૧-૭૭૦ |
| અજમો | ૯૭૬ | | બાજરી | ૨૫૫-૨૬૮ |
| ચીકુડી | ૧૪૬૭-૧૫૭૨ | | ચિકુડી | ૧૪૮૧-૧૬૦૧ |
| ર.બાજરી | ૩૯૨-૪૫૧ | | ગવાર | ૬૪૫-૬૭૨ |
| મેથી | ૭૪૩ | | મેથી | ૬૦૫-૬૪૦ |
| **ભીલડી** | | | સોવા | ૭૮૦-૯૦૬ |
| એરંડા | ૭૫૪-૭૬૫ | | વરીયાળી | ૧૩૦૦-૧૩૫૦ |
| રાયડો | ૬૭૦-૭૧૫ | | જીરુ | ૨૫૦૦-૩૦૫૦ |
| રાજગરો | ૧૦૪૭ | | અજમો | ૧૧૦૦-૧૫૦૦ |
| બાજરી | ૨૩૮-૨૬૬ | | ઈસબગુલ | ૧૨૦૦-૧૪૬૦ |
| જીરૂ | ૨૭૪૦ | | રજકો | ૨૨૦૦-૨૬૦૦ |

## કુકરવાડામાં ગાડી પાર્ક કરવાની બાબતે બે પરિવારો વચ્ચે મારામારી

મહેસાણા

વિજાપુર તાલુકાના કુકરવાડામાં ગાડી પાર્ક કરવાની બાબતે સર્જાયેલી તકરારમાં ઉશ્કેરાયેલા શખ્સોએ એક મહિલા સહિત બે વ્યક્તિઓને ધારિયાના ઘા માર્યા હતા. નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે વસાઈ પોલીસ સ્ટેશને ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

કુકરવાડામાં રહેતા રાવળ ગાંભા શીવાભાઈની ભત્રીજીની ડિલેવરીનો પ્રસંગ હોવાથી ખબર અંતર પુછવા વસાઈથી તેમના ભાણેજ જમાઈ ગાડી લઈને આવ્યા હતા અને તેમણે જોગણી માતાના મંદિર આગળ લીમડાના ઝાડ નીચે પોતાની ગાડી પાર્ક કરી હતી. જેથી પાડોશમાં રહેલા રાવળ પશા મણીલાલ, રાવળ રાજુ પશાભાઈ, વિપુલ રાજુભાઈએ અહીં ગાડી કેમ પાર્ક કરી છે? તે બાબતે તકરાર કરી હતી અને આ બાબતે વધુ બોલાચાલી થતાં ત્રણે શખ્સોએ ગાંભાભાઈ અને તેમની પત્નિને ધારિયાના ઘા મારી ઈજાઓ પહોંચાડી હતી. જે બાબતે વસાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર ખાતે દિવ્યાંગોને વિના મુલ્યે તાલીમ, શિક્ષણ અને નિવાસની સુવિધા

પાટણ

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર સંસ્થા દ્વારા સંચાલિત સમાજ સુરક્ષા માન્ય વિકલાંગ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રમાં દિવ્યાંગોને (૧) કોમ્પ્યુટર (એમએસઓફિસ, ડેટા એન્ટ્ર, ટેલી એકાઉન્ટ, ડીટીપી) (૨) શિક્ષણ (૩) સ્ક્રીન પ્રિન્ટીગ તથા ઓફસેટ પ્રિન્ટંગ કામ (૪) બુક બાઈન્ડીગ (૫) સંગીત (૬) ફાઈલ મેકીંગ (૭) ઓટો રીપેરીગ (૮) વલ્કેનાઈઝ (૯) બેટ્રી ચાર્જિંગ એન્ડ સર્વિસીસ (૧૦) બેઝિક રેફ્રિરીજરેશન એન્ડ એર કન્ડીશનર(૧૧) રેડીયો એન્ડ ટીવી, મોબાઈલ રીપેરીગ (૧૨) એલસીડી, એલડઈડી રીપેરીગ (૧૩) આર્મેચર કોયલ રીવાઈન્ડીગ (૧૪) ગૃહવિજ્ઞાન અને બ્યુટી પાર્લરની તાલીમમાં વિના મૂલ્યે જૂન-૨૦૧૮ થી પ્રવેશ આપવાનું ચાલુ છે. આ ઉપરાંત મંદબુધ્ધિના બાળકોની નિવાસી શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓએ તેમજ પ્રવેશ અપાવવા ઈચ્છતા વાલીઓએ સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવો. ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ નિશુલ્ક આપવામાં આવે છે. સંસ્થામાં ચાલતા સ્વરોજગારીના કોમ્પ્યુટર તેમજ શિવણ આઈટીઆઈ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર મહિલા તાલીમાર્થીને માસિક રૂા. ૨૫૦૦/- અને અન્ય તમામ આઈટીઆઈ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર પુરૂષ તાલીમાર્થીને માસિક રૂા.૫૦૦/- નું સ્ટાઈપન્ડ આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવેશે. તો તાલીમ, શિક્ષણ અને નિવાસની સુવિધા મેળવવા ઈચ્છતા દિવ્યાંગ ભાઈ-બહેનોએ માનદમંત્રી, ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિકલાંગ સેવા પરીસર, વિસનગર વિજાપુર હાઈવે, બાજીપુરા પાટીયા પાસે, મુ. કુવાસણા, તા.વિસનગર, જિ. મહેસાણા (ઉ.ગુ.) ફોન નં. ૦૨૭૬૫ ૨૮૧૨૧૦, સમય સોમવાર થી શનિવાર ૧૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પ્રવેશ મેળવવા મોટ પોતાના અસલ તેમજ ઝેરોક્ષ ડોકયુમેન્ટ સહિત રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. દરેક કેટેગરીના દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિવાસી વ્યવસ્થા અલગ અલગ આપવામાં આવશે.

કુમાર અને કન્ય છાત્રાલયની અલગ વ્યવસ્થા ઉપલબ્ધ છે. તેમ સંસ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણ નાગરીક બેંકમાં પાલિકાના પ્રમુખનો સન્માન સમારોહ



પાટણ

પાટણ નાગરિક બેંક દ્વારા પાટણ પાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા બેંકના ડિરેક્ટર મહેન્દ્રભાઈ પટેલનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. નાગરિક બેંકના ચેરમેન મનસુખભાઈ પટેલ, પૂર્વ ચેરમેન સુરેશભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર ભરતભાઈ પટેલ, ડો જે.કે.પટેલ, જયંતીભાઈ પટેલ, અશોકભાઈ મોદી, મહેશભાઈ દલવાડી તેમજ બેંકના મેનેજર ગંગારામભાઈ પટેલ સહિતના ડિરેક્ટર દ્વારા પાલિકાના ચૂંટાયેલા પ્રમુખ તેમજ બેંકના ડિરેક્ટર મહેન્દ્રભાઈ પટેલ પટેલનું ફૂલહારથી બહુમાન કરી મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## જૂની અદાવતમાં ઘાતક હથિયારો સાથે ટોળાંના સામ સામે હુમલાથી ૬ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા મોહનપુરા વિસ્તારમાં મોડી રાત્રે બે જૂથો વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ઘાતક હથિયારો સાથે સામ સામે આવી ગયેલા ટોળાંએ એકાબીજા પર જોરદાર હુમલો કરતા છ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી.પ્રાપ્ત માહિતી પ્રમાણે મહેસાણાના મોહનપુરા વિસ્તારમાં રહેતા દીપકજી ઠાકોરને આ વિસ્તારમાં રહેતા રાજેશ ઠાકોર અને કરણ ઠાકોરે ફોન કરી રેલવે સ્ટેશન બોલાવ્યો હતો અને જૂની અદાવતના કારણે બંને વચ્ચે જોરદાર મારપીટ થઈ હતી.આ વાત વાયુવેગે પ્રસરી જતા બંને જૂથના ટોળાંએ ઘાતક હથિયારો સાથે આમને સામને આવી જઈ એકાબીજા પર હુમલા કરતા ટીકાજી વદાજી, ઈશ્વરની બદાજી, અજયજી ગમાજી, દિનેશજી પ્રતાપજી અને દીપક ઠાકોર સહિત છને ઈજા પહોંચી તમામને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાના કારણે મોહનપુરા વિસ્તારમાં ભારે તંગદિલી છવાઈ હતી. બનાવની જાણ થતા પોલીસે તાત્કાલીક પહોંચી જઈ સમગ્ર વિસ્તારમાં કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## ટ્રકે કારને અડફેટે લેતા ૨નાં મોત, ૨ને ગંભીર ઈજા

(જી.એન.એસ) મોડાસા

કપડવંજ-મોડાસા રોડ પર જીઆઈડીસી નજીક કાર અને ટ્રક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં એક આધેડ સહિત બે વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત થયા હતા જયારે બે વ્યક્તિને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, ઠાસરા ગામમાં આવેલી તક્ષશિલા સોસાયટીમાં રહેતા દામોદર સુખપાલ પંડિત નામના ૬૨ વર્ષીય આધેડ તેમના સગાં-સંબંધીઓ સાથે કારમાં અંબાજી દર્શન કરવા ગયા હતા.

દર્શન કરી આ લોકો પરત ફરી રહ્યા હતા ત્યારે કપડવંજ મોડાસા રોડ પર જીઆઈડીસી નજીક આવેલ રેલવે ફાટક પાસે સામેથી પુરઝડપે આવેલી ટ્રકે કારને અડફેટે લઈ જોરદાર ટક્કર મારતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં દામોદર સુખલાલ પંડિત અને પ્રકાશ સોડાવાલા આ બંનેના ઘટનાસ્થળે કમાકમાટીભર્યા મોત થયા હતા જયારે કારમાં બેઠેલા અન્ય બે વ્યક્તિને ગંભીર ઈજા થતા તાત્કાલીક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે તાત્કાલીક પહોંચી જઈ બંને લાશને પી.એમ. માટે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વડનગરમાં એએસઆઈને પાંચમી સદીનું વિશાળ સ્થાપત્ય મળી આવ્યું

(જી.એન.એસ) વડનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં એએસઆઈ દ્વારા કરવામાં આવેલા ખોદકામ દરમિયાન શહેરના ભવ્યને ઈતિહાસની સાબિતી આપતો વધુ એક પુરાવો મળી આવ્યો છે. અમદાવાદથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર આવેલા ઉત્તર ગુજરાતના વડનગરમાં શર્મિશ્ઠા તળાવના કિનારે એએસઆઈને ૫૦/૨૫ મીટરનું પાંચમી સદીનું એક બાંધકામ મળી આવ્યું છે. એએસ આઈના અધિકારીઓના જણાવ્યા અનુસાર, વડનગરના અત્યાર સુધીના મળી આવેલા સ્થાપત્યોમાંથી આ સૌથી મોટું છે.આ સ્થાપ્તય વિષે વધુ ઉંડાણમાં જાણવા માટે

એનાલિસીસ અને વધારે ખોદકામની જરુર પડશે પરંતુ નિષ્ણાંતોનું કહેવું છે કે, આ સ્થાપત્યનું કોઈ ખાસ ધાર્મિક મહત્વ હશે. તેની સાઈઝ જોઈને લાગે છે કે તે એક બૌદ્ધ સ્તુપ હશે. વડોદરાની એમ.એસ. યૂનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર વી.એચ. સોનાવણે જે એક્સપર્ટ કમિટીના સભ્ય પણ છે, તે જણાવે છે કે, આ સ્થાપત્યના ડાઈમેન્શન્સ અને પ્લાનને જોઈને લાગે છે કે તે કદાચ બૌદ્ધ સ્તુપ હશે અથવા તો કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિ સાથે જોડાયેલું હશે. નિષ્ણાંતોનું કહેવું છે કે આ સ્થાપ્તયનો સૌથી જૂનો ભાગ પાંચમી સદીનો થે અને બાકીના સુધારા ૧૩મી સદી સુધીના હોય તેમ જણાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે એએસઆઈને જર્જરિત શિલ્પકૃતિ, ટેરાકોટા સીલિંગ, સિક્કાઓ, વગેરે અનેક પૌરાણિક વસ્તુઓ મળી આવી છે.

## મહેસાણામાં રોજ ૩૦૦ કિલોથી વધુ પ્લાસ્ટિક ઝભલાંનો વપરાશ

મહેસાણા

પહેલા ૨૦ માઈક્રોન, પછી ૪૦ અને હવે ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈના પ્લાસ્ટીક વપરાશ પર પ્રતિબંધ આવી ગયો છે અને સરકાર દ્વારા મંગળવારથી અભિયાન રૂપે પ્લાસ્ટીક પ્રતિબંધ ઝુંબેશ શરૂ કરાઈ છે. પરંતુ મહેસાણા શહેરમાં અમલવારીના પ્રથમ દિવસ મંગળવારે બજારમાં લારીઓ, પાર્લરો, ચાની કિટલીઓ પર રાબેતા મુજબ છૂટથી પાતળા પ્લાસ્ટીકનાં ઝભલાં, બેગ, કપનો ઉપયોગ જોવા મળ્યો હતો. નગરપાલિકાએ એકાદ વર્ષમાં તપાસ દરમિયાન ૧૦૦ કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરેલું, પરંતુ વાસ્તવમાં પ્લાસ્ટીકની બેગનું ચલણ લોકોમાં બંધ થાય તે દિશામાં લોકજાગૃતિ ઊભી કરવામાં તંત્ર ઉદાસીન રહ્યું છે. મહેસાણા શહેરમાં પ્લાસ્ટીક બેગના વિક્રેતાઓ જાડા પ્લાસ્ટીકની બેગ સાથે હલકી ગુણવત્તાના પ્લાસ્ટીક બેગનું પણ વેચાણ કરી રહ્યા છે. ઉપરાંત બહારથી ફેરિયા આવીને પણ નાની કટલરી, કરિયાણા, શાકભાજી, પાર્લરોમાં વેચાણ કરી જતા હોય છે. આ ઉપરાંત શાકભાજીની ૫૦૦થી વધુ લારીઓ, કટલરી, કરિયાણાની પરચૂરણ આઈટમની દુકાનો, પાર્લરો વગેરે જગ્યાએ કુલ મળી રોજ ૩૦૦ કિલોથી વધુ પ્લાસ્ટીકનાં ઝભલાં ચીજવસ્તુ ભરીને આપવામાં જાય છે.

મહેસાણા પ્લાસ્ટીક મુક્ત શહેર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષ તામાં બુધવારે સવારે ૧૦ કલાકે દેદીયાસણ હોલ,મોઢેરા રોડ મહેસાણા ખાતે પ્લાસ્ટિક મુક્ત વિષય પર પરિ સંવાદ યોજાશે. જેમાં પ્લાસ્ટીક બેગના ઉત્પાદકો,વિતરકો, રિટેલર વેપારીઓ અને દુકાનદારોને ઉપસ્થિત રહેશે.આ વર્કશોપમાં ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી અને તેના ફાયદાની સમજ આપવામાં આવશે.

સવારે નગરપાલિકાની ટીમે વાઈડ એન્ગલ પાસે હાઈવે આસપાસ સફાઈ ઝુંબેશ કરી પ્લાસ્ટીક નહીં વાપરીએ, સ્વચ્છતા અંગે શપથ લીધા હતા. જોકે લોકોની હાજરી પાંખી હતી.

શાકભાજી વેચાતા મહેશ પટ્ટણીએ કહ્યું કે, પહેલાં પાલિકાએ સૂચના આપતાં ઝભલાં બંધ કરેલાં. પરંતુ શું કરીએ ગ્રાહક જ કંઈ લઈને આવતા નથી અને ઝભલું ન હોય તો ગ્રાહક બીજે ચાલી જાય છે. એટલે ફરી ઝભલાં ચાલુ થયાં.

## રાધનપુર તાલુકાના નાયતવાડામાં ગ્રામસભા યોજાઈ

કમલ ચક્રવર્તી



રાધનપુર

રાધનપુર તાલુકાના નાયતવાડામાં શુક્રવારે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.ગામના સરપંચ રબારી જોસનાબેન લાખાભાઈએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ ગ્રામસભાના એજન્ડા વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. ખેતીવાડી અધિકારી વિનુભાઈ પટેલે પ્રધાનમંત્રી ફસલ યોજના અને ખેડૂત અકસ્માત યોજના વિષે સવિસ્તર માહિતી ગ્રામજનોને આપી હતી. યુ.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર રાઠોડે માફી યોજના અને સોલારરૂટ યોજના અંગે જાણકારી આપી હતી.રિલાયન્સ ફાઉન્ડેશનમાંથી પધારેલા હેમજીભાઈ પટેલે સ્વચ્છ ભારત અંતર્ગત શૌચાલયનો વધુ લોકો ઉપયોગ કરે અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ થાય તથા લીંબોળી એકત્રિત કરીને જી.એન.એફ. સી.આપીને વધુ ભાવ વધારો લઈ શકાય તેના ઉપર ભાર મુક્યો હતો.ગામના અગ્રણી લાખાભાઈ રબારીએ કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.

## ચાણસ્મા તાલુકામાં મધ્યાન ભોજન કેન્દ્રોના સંચાલકોની નિમણુંક બાબત

પાટણ

ચાણસ્મા તાલુકાના મામલતદારશ્રીની યાદીમાં જણાવ્યા અનુસાર તાલુકાના કમાલપુર, ખારાધરવા, ગોખરવા અને ધરમોડા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકોની નિમણુંક નિયત ધારાધોરણો અને નિયમો અનુસાર ભરવાની થાય છે.

જેના અરજી ફોર્મ મામલતદાર કચેરી ખાતેથી ચાલુ કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. નિયત અરજી પત્રકો પત્રકો તમામ વિગતે અને જરૂરી પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલો સાથે તા.૧૫/૦૬/૧૮ સુધીમાં મોકલી આપવાના રહેશે. અરજદારોએ તેમના અસલ પ્રમાણપત્રો સાથે તા.૨૧/૦૬/૧૮ ના રોજ રૂબરૂમાં ચાણસ્મા મામલતદાર કચેરીએ હાજર રહેવાનું રહેશે. ઉકત તારીખ પછી આવેલી અરજીઓ દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેવા યાદીમાં જણાવ્યું છે.

શૈક્ષણિક લાયકાત ન્યુ એસ.એસ.સી. પાસ અને ઉકત લાયકાત ધરાવતા ઉમેદવારોના મળે તો ધોરણ-૭ પાસને પસંદ કરાશે. વય મર્યાદા લઘુત્તમ ૨૦ વર્ષ અને મહત્તમ ૬૦ વર્ષની છે. સદર નિમણુંક નિયત માસિક ઉચ્ચક માનદવેતનથી ખંડ સમય માટે નદ્દન હંગામી ધોરણે કરવાની છે. જેની નોંધ લેવા જણાવ્યું છે.

## સરવાલથી હારિજ રોડ વચ્ચે ટ્રક ચાલકે એસટીને ટક્કર મારી

પાટણ

હારિજ તાલુકાના સરવાલથી હારિજ તરફના રોડ પર સોમવારે બપોરે એસટીબસ જીજે ૧૮ ઝેડ ૦૨૩૬ રાપરથી અમદાવાદ રૂટની એસટી બસને કોઈ અજાણ્યા ટ્રક ચાલકે પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી બસને ડ્રાઈવર સાઈડ ટક્કર મારતા એસટી બસને અકસ્માત કરીને ટ્રક લઈ નાશી ગયો હોવાની એસટીના ડ્રાઈવર ગોપાલસિંહ દલસંગજી ઠાકોરે હારિજ પોલીસ મથકે ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.